


SWARGA ROHAN
PH. (02748)

# અધ્યાત્મ

વર્ષ-૨ જુલાઈ-૧૯૮૧ અંક-૧૦

## આજીવન સભ્યો.

આજીવન સભ્યોની યાદીમાં જૂન ૮૧'ના અંકમાં અનુક્રમ નં. ૧૫૦ અને ૧૫૧માં જે નામો નોંધાયાં છે તે અગાઉ ડિસે. '૮૦ ના અંકમાં અનુ. નં. ૧૦૧ અને ૧૦૨ ઉપર નોંધાઈ ગયેલ છે. એટલે તે રદ ગણવાં.

નવા નોંધાયેલ સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| ૧૫૦ | શ્રી ધીરૂભાઈ સી દેસાઈ, સુરત | રૂા. ૨૫૧ |
| ૧૫૧ | કેમિટેક્ષ એન્ટરપ્રાઈઝીઝ, મુંબઈ | રૂા. ૨૫૧ |

## જન્મનો હેતુ

યાદ રાખો કે સંન્યાસીનો જન્મ એટલા માટે છે કે પોતાની મુક્તિ સાથે એણે દુનિયાની ભલાઈ માટે પણ કામ કરવાનું છે. બીજાઓના સુખ માટે એણે પોતાનું બલિદાન આપવાનું છે, લાખો દુઃખમાં સબડતાં માણસોને સાન્તવન આપવાનું, વિધવાઓનાં આંસુ લૂછવાનું, દીન દુઃખી માતાઓના હૃદયને આશ્વાસન આપવાનું, અજ્ઞાની ને કચડાએલા જન સમુદાયોને જ્ઞાનનો પ્રકાશ પહોંચાડી એમને આત્મનિર્ભર કરવાનું, અને શાસ્ત્રોના જ્ઞાનનો સંદેશ દેશ અને દુનિયાના દૂર ખૂણાઓ સુધી પહોંચાડવાનો છે.

—સ્વામી વિવેકાનંદ



પૂ. શ્રી યોગેશ્વરજી

## બારણે ટકોરા

[ શાસ્ત્રોમાં લખાયું છે કે સાચા સાધકનો પોકાર પ્રભુને પ્રકટાવી શકે છે. પણ કેવળ વાંચનથી એ વાત સાચી માની શકાય ખરી ?

મૌન મંદિરના એ બંધ ઓરડામાં બેઠા બેઠા એના વિચારો જાગ્યા. શ્યામ સુંદર મારા બંધ ઓરડાને ટકોરા મારી બારણું ખોલીને અંદર આવે, મારી પાસે બેસે–બસ એટલું જ માગું છું–મારે ધન કે વૈભવ કશું જ જોઈતું નથી. એવા ભાવોના પરિણામે આ પ્રાર્થના લખાઈ. ]

બંધ બારણે ટકોરા મારે તો
શ્યામ તને સાચો ગણું……

બારણાં ઉઘાડી આવે જો અંદર
બેસે જો મારી પાસે તો……શ્યામ

રાહ જોઈને થાકી નથી હું
આવજે જરૂરથી આજે તો……શ્યામ

પોકાર મારો સાંભળીને સાચે
દોડી આવે મારી પાસે તો……શ્યામ

માવડી બનીને હીંચકે બેસે
ખોળે મુકાવે માથું તો……શ્યામ

પાપી જીવને પાવન કરવા
માનવ રૂપે પધારે તો……શ્યામ

ધન વૈભવ કે સિધ્ધિ ના માગું
દર્શન આપે પ્રભુ તારું તો……શ્યામ

સર્વેશ્વરી

[ 'અર્ઘ્ય 'માંથી ]

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૧૦ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
પ. પૂ. યોગેશ્વરજી
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી બાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

ગ્રાહકોને : ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી ગુરુદેવનો મહિમા અપરંપાર | ૩ | બાલમુકુંદ શ્રોફ |
| કર્તવ્યનું અનુષ્ઠાન | ૪ | શ્રી યોગેશ્વરજી |
| લાઓત્સે અને કન્ફ્યુશિઅસ | ૧૦ | જયંતીલાલ આચાર્ય |
| શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત | ૧૬ | નારાયણ હ. જાની |
| જીવનવિશુદ્ધિ, ભજનરસ અને સ્મરણીય કરતાલ–ધ્વનિ | ૨૩ | ભાઈલાલભાઈ છાટબાર |
| શ્રદ્ધા | ૨૮ | ૐ રશ્મિ |
| આપણા હાથમાં કાંઈ ના ભાઈ | ૨૯ | શ્રી યોગેશ્વરજી |
| દરશન દો | ૩૦ | ડૉ. અશ્વિન પટેલ |
| રાધા–માધવ | ૩૧ | ડૉ. રણજીત પટેલ |
| ભાગવત સુધા | ૩૨ | પ્રા. જનાર્દનભાઈ દવે |
| વિચારોની શક્તિ | ૩૬ | ભૂપતરાય મો. ઠાકર |
| જ્યાં વિજ્ઞાન સ્તબ્ધ બને છે ! | ૩૮ | કુમારિકા મધુરિકા જોષી |
| તું તારો ડોક્ટર થા. | ૪૪ | શ્રી બચુભાઈ છોટાઈ |
| યદ્યદાચરતિ શ્રેષ્ઠ | ૪૭ | શિબિરાર્થી |
| પ્રાર્થના સંભળાય છે. | ૫૦ | જ્યોત્સ્નાબેન એસ. મહેતા |
| સીતાનું સ્વપ્ન | ૫૩ | શ્રી યોગેશ્વરજી |
| ચક્રાસન, સ્વસ્તિકાસન | ૫૭ | શ્રી મણિભાઈ શાહ |
| પ્રકાશના પંથે | ૬૧ | દીપક પ્ર. મહેતા |


# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો


વર્ષ : ૨ જુલાઈ–૧૯૮૧ અંક : ૧૦


## શ્રી. ગુરુદેવનો મહિમા અપરંપાર

—o—

સત્ય ને શાંતિ માટે જેણે પરિશ્રમ કર્યો ને પ્રેમને અનાસક્તિના પતિત પાવન મંત્રને વિશ્વને માટે વહેતો મૂક્યો.

અનાચાર, અત્યાચાર ને શોષણની સામે મસ્તક ઊંચુ કર્યું, ને પીડાયેલાને પોષણ પહોંચાડવા જેણે પ્રયાસ કર્યો.

યુગો સુધી જલતી રહે, છતાં ઓલવાય કે ઓછી થાય નહિ, એવી પ્રેરણાની જ્યોત જેણે જગત આગળ જલતી કરી.

ધર્મ ને સદાચારની સ્થાપના માટે જેઓ આ પૃથ્વી પર સ્વેચ્છાએ પ્રગટ થયા છે. અને જીવ માત્રના ઉત્કર્ષ અને કલ્યાણ અર્થે જેમના દિલમાં ભાવના છે. એવા પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી. યોગેશ્વરજી તથા પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં ચરણ કમળોમાં અમારા કોટિ કોટિ પ્રણામ.

સંકલન

–બાલમુકુંદ શ્રોફ (મોરબી)

# કર્તવ્યનું અનુષ્ઠાન

શ્રી યોગેશ્વર

સ્વાનુભવસંપન્ન સત્પુરુષો તથા ભગવદ્ગીતા જેવા મહાન ધર્મગ્રંથો પોતાની આગવી રીતે જણાવે છે કે માનવે કર્તવ્યનું અનુષ્ઠાન કરવું, પ્રમાદી બનીને બેસી ના રહેવું, અને કર્મના સમ્યક અનુષ્ઠાનના પરિણામે જે ફળ મળે તે ફળની ઉપર પોતાનો સર્વાધિકાર કે એકાધિકાર સમજવાને બદલે, તેને પરમાત્માની સમર્પેલી સંપત્તિ સમજીને પોતાની જ સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિને માટે જ નહિ, પરંતુ પરમાત્માની દુનિયાના બીજાને માટે પણ, બીજાની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિને માટે પણ તેનો સદુપયોગ કરવો. પોતાને પ્રાપ્ત થતું જ્ઞાન, પદ, શાસન, ધન, ઐશ્વર્ય, બળ પરમાત્માનું છે. તેના મૂળ માલિક પરમાત્મા છે, ને પોતે તો એનો સંરક્ષક છે, એમ સમજીને એકલપેટા બનીને બેસી રહેવાને બદલે એમની દ્વારા બીજાને ઉપયોગી થવાની પ્રવૃત્તિ કરવી.

ભગવદ્ગીતામાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે ફળને મેળવવા માટે જ, ફળના માલિક બનવા માટે જ, જે કર્મ કરે છે તે કૃપણ છે. તેમની બુદ્ધિ મંદ, અધૂરી અને એકાંગી છે. कृपणाः फलहेतवः। એ મહાપુરુષો ને ધર્મ ગ્રંથો એક બીજી હકીકત તરફ આપણું ધ્યાન ખેંચતાં જણાવે છે કે માનવે પોતાની ને બીજાની સુખકારી, શાંતિ, સમુન્નતિના માટેના કર્મોનું અનુષ્ઠાન અવશ્ય કરવું; પરંતુ એની સાથે સાથે જે પણ કર્મો કરવામાં આવે, તે કર્મોને કર્તવ્યભાવનાથી, કે કર્તવ્તબુદ્ધિથી કરવાનું ધ્યાન રાખવું. કર્મોનું અનુષ્ઠાન બદલો મેળવવાની વૃત્તિથી પ્રેરાઈને ના કરવું.



બદલો મેળવવાની વૃત્તિથી પ્રેરાઈ ને કરેલાં કર્મોનું પરિણામ કેટલીકવાર સુખદ આવવાને બદલે દુઃખદ આવે છે. એક માણસે પોતાના ઘરની આગળ આંબાના વૃક્ષને ઉગાડવાની ઇચ્છા કરી. આંબાનું વૃક્ષ પૂરેપૂરું. ઊગીને ફળ પ્રદાન કરે, તે પહેલાં જ એના સ્વર્ગવાસનો સુનિશ્ચિત સમય આવી પહોંચ્યો. શરીર છૂટતાં પહેલાં એને અસાધારણ વેદના થઈ; એનું મન આંબામાં જ રહ્યું. મેં ઉગાડેલા આંબાની કેરી મને ખાવા નહિ મળે. મને તો એમ હતું કે કેટલાક વર્ષો સુધી હું કેરી ખાઈ શકીશ જો આવી રીતે અચાનક જવાની ખબર હોત તો હું આમ્રવૃક્ષને ઉગાડત જ નહિ. એવી રીતે અફસોસ કરતાં કરતા અને વ્યથાને અનુભવતાં એનો પ્રાણ ચાલ્યો ગયો. સંક્ષેપમાં કહીએ તો એની સદ્ગતિ ના થઈ. એણે જેવા આત્મસંતોષથી વિદાય થવું જોઈએ, એવા આત્મસંતોષ સાથે એ વિદાય ના થઈ શક્યો. એણે બદલાની આશાથી આંબાને ઉગાડેલો, તેનું એવું પ્રતિકૂળ પીડાજનક પરિણામ આવ્યું.

બીજા માનવે માર્ગ પર વૃક્ષારોપણ કર્યું. કોઈએ એને પૂછ્યું કે તમારે આ વૃક્ષની છાયાને માણવા માટે ક્યાં બેસી રહેવાનું છે ? આવી મહેનત શા માટે કરો છો ? તમે તો ખૂબ જ વૃદ્ધ છો. એણે ઉત્તર આપ્યો કે મેં મારા જીવનમાં અનેક વૃક્ષોની છાયા લીધી છે ને અસંખ્ય વૃક્ષોનાં ફળ ચાખ્યાં છે. અહીંથી વિદાય થતાં પહેલાં હું પણ બીજાને માટે એકાદ વૃક્ષને મૂકી જઉં તો કેવું સારું ? હું જે વૃક્ષારોપણ કરું છું તે મારે માટે નથી કરતો; બીજાના માટે કરું છું. કર્તવ્યભાવે બદલાની આશાથી નથી કરતો; મને તેની છાયા નહિ મળે તો કાંઈ નહિ. છાયા નહિ મળે તે જાણું છું. એ વૃદ્ધ પુરુષે વૃક્ષારોપણ કર્યું, થોડાક સમય પછી એના શરીરની સમાપ્તિ-

નો સમય આવી પહોંચ્યો, ત્યારે એણે શાન્તિથી, કર્તવ્યના અનુષ્ઠાનના સંતોષ સાથે, વિદાય લીધી. પરબને બેસાડનાર, ધર્મશાળા કે મંદિર તૈયાર કરનાર, પુસ્તકાલય કે હોસ્પીટલ અને અન્નક્ષેત્ર બનાવનાર, સ્કૂલ બાંધનાર, પોતાને માટે નહિ પરંતુ બીજાને માટે જ તે કાર્યો કરતા હોય છે. તેમના વ્યકિતગત ફળોપલાભની કામના એમને નથી હોતી. એમની દ્વારા પોતાને શો કે કેટલો લાભ મળશે, તેવી ક્ષુલ્લક ગૌણ ગણતરી તે નથી કરતા.

એક સદ્‌ગૃહસ્થે પોતાના પુત્રને ભારે લાડ લડાવીને મોટો કર્યો. સારામાં સારી વિદ્યા પ્રદાન કરી. ધંધે વળગાડ્યો અને લગ્ન ગ્રંથિથી પ્રભુતામાં પગલાં પડાવીને સ્વતંત્ર રીતે રહેવાની વ્યવસ્થા પણ કરી આપી. પરંતુ એટલું કરવા છતાં પણ એમને આત્મસંતોષ ના થયો એમણે પોતાના ગુરુદેવને કહેવા માંડ્યું: “ છોકરા પાસેથી મેં મોટી મોટી આશાઓ રાખેલી. એ આશાઓ ફળે તેવું લાગતું નથી, તેનું મને દુઃખ છે. મને જીવનમાં રસ નથી રહ્યો. સંસાર સ્વાર્થી લાગે છે. છોકરાને મેં મોટો કર્યો ને ભણાવી ગણાવીને ધંધે વળગાડ્યો તે એટલા માટે કે એ મારી સેવા કરે. પરંતુ સેવાની વાત તો બાજુએ રહી, એ મારી સામે જોતો પણ નથી. અમારે મળવાનો કે બોલવાનો પણ સંબંધ નથી રહ્યો. આના કરતાં તો છોકરો થયો જ ના હોત કે પથરો પાક્યો હોત તો સારું, છેલ્લા કેટલાય વખતથી આ અણધાર્યો આઘાતને સહી ના શકવાથી મને બ્લડપ્રેસરનો વ્યાધિ લાગુ પડ્યો છે, અને હું સંન્યાસી થવાનાં સ્વપ્નો સેવું છું. ”

ગુરુએ એ સદ્‌ગૃહસ્થને જણાવ્યું “ તમારે તેનાં સ્વપ્નો સેવવાની આવશ્યક્તા નથી. તમે સંન્યાસીનો વેશ ધારણ કરશો



તો પણ, શાંતિ નહીં પામો. તમે ગીતાપારાયણ કરો છો, ગીતામાં તો કહ્યું જ છે કે **निराशी निर्ममो भूत्वा युद्धस्व विगतज्वरः ।** તું મનને અહંતા, મમતા, રાગદ્વેષાદિમાંથી મુક્ત અથવા નિર્મળ કરીને મમતા રહિત બન, આશા વિનાનો બન ને યુદ્ધ કર કર. તમે તમારા પુત્રને મોટો કરીને ઠેકાણે પાડ્યો તે સારું કર્યું. પરંતુ તે કાર્ય કર્તવ્યભાવે કરવાને બદલે– સેવા, સહાયતાની બદલાની આશાથી કર્યું. એ આશા પૂરી ના થતાં તમે દુઃખી થયા. તમે એમ માન્યું હોત કે મારા પુત્રની સંભાળ રાખવાની મારી ફરજ છે. એના જીવનને ઉન્નત બનાવવાનું મારું એક આદર્શ પિતા તરીકે કર્તવ્ય છે. મોટો થઈ ને છોકરો મારી સેવા કરશે તો ઠીક, ને નહીં કરે તોપણ ઠીક. હું તો કોઈપણ પ્રકારની ભાવિ અપેક્ષા સિવાય મારું કર્તવ્યપાલન કરી રહ્યો છું ને કરીશ, તો તમને આવું દુઃખના થાત. તમે અનુકૂળ અથવા પ્રતિકૂળ પ્રત્યેક પ્રકારની પરિસ્થિતિમાં સ્વસ્થ, પ્રસન્ન, શાંત, રહી શક્યા હોત. કર્મના ઋણાનુબંધમાં માનતા હોત તો પણ એનો વિચાર કરીને તમે સ્વસ્થ રહી શક્ત. જેવો જેવો જેની સાથેનો ઋણાનુબંધ. પરંતુ તમે પ્રથમથી જ આશા સેવી, અપેક્ષા રાખી, એટલે એ આશા અપેક્ષા ના સંતોષાતાં દુઃખી થયા, ભાંગી પડ્યા. જીવનનો રસ તથા ઉત્સાહ ખોઈ બેઠા. ”

એક ધર્મોપદેશકનો પ્રભાવ અસાધારણ હતો. કોઈએ એમને પૂછ્યું કે તમારા ઉપદેશની અસર જનતા પર થાય છે ? ધર્મ–ઉપદેશકે ઉત્તર આપ્યો કે હું જ્યાં જ્યાં જઉં છું ને ઉપદેશ આપું છું ત્યાં ત્યાં કોના પર કેટલી અસર થઈ ને કોણ સુધર્યું કે ના સુધર્યું તેનું રજિસ્ટર નથી રાખતો. હું તો મારું કર્તવ્ય કર્યે જ જાઉં છું, નદી વહ્યે જાય છે.

ફૂલ ખીલે છે, સૂર્ય કિરણો રેલે છે. એમને બીજી ચિંતા, આશા, અપેક્ષા નથી. મારી પ્રવૃત્તિથી મને પોતાને લાભ થાય છે. એવી રીતે કોઈ બીજાને પણ લાભ થતો જ હશે. મને એ કર્તવ્ય લાગે છે, ત્યાં સુધી હું એનો આધાર લઈશ. પછી વિપળનાય વિલંબ વગર છોડી દઈશ. હું એના કે કોઈ બીજી પ્રવૃત્તિના બંધનમાં નથી. ”

સમાજમાં કર્તવ્યભાવે, બદલાની અપેક્ષા રાખ્યા વગર, કર્મ કરવાની ભાવના વધે છે ત્યારે જ સમાજ સ્વસ્થ, સુદૃઢ, સમુન્નત, સુખી બને છે. પ્રત્યેકને પોતાના ફાળે આવેલાં કર્તવ્યનું સમજ-પૂર્વકનું, સર્વશકિતભકિત સાથેનું અનુષ્ઠાન કરવાનો આત્મસંતોષ સાંપડે છે. હનુમાને જે રામસેવાનું કર્તવ્ય કર્યું તે કોઈ લૌકિક. પારલૌકિક ફળની આશાથી, બદલાની અપેક્ષાથી ન હતું કર્યું; એટલે સીતાનો પુરસ્કાર એમને પ્રિય ના લાગ્યો. સીતાએ એમને વણમાગ્યો આશીર્વાદ આપ્યો—” જ્યાં સુધી જગતમાં રામનું નામ અને કામ રહેશે ત્યાં સુધી તમે પણ રહેશો, અને રામનો આધાર લઈ ને ભકતો ભવસાગરને પાર કરશે, તેમ તમારો આશ્રય લઇને પણ ભવસાગરને પાર કરશે. ” કેટલો પ્રાણવાન પુરસ્કાર !

માતાજીનો સ્વર્ગવાસ થયો ત્યારે ભાવનગરની હોસ્પીટલના મુખ્ય સર્જન ડોકટર ગઢવી સાહેબ અમારા સ્પેશ્યલ રૂમમાં આવીને બે મિનિટ શાંત પ્રાર્થના કરીને બોલ્યા—“ અમે છેવટ સુધી એમને બચાવવા બનતું બધું જ કર્યું, પરંતુ આખરે ઈશ્વરે ધારેલું તે જ થયું. એટલો અફસોસ રહી ગયો. પણ અમે કરેલી સેવાનો અમને સંતોષ છે. ”



ડોકટર ગઢવી સાહિબના શબ્દો કેટલા બધા સહજ અને સાચા હતા ! કર્તવ્ય કરનારને પોતાના કર્તવ્યનો સંતોષ થવો જોઈએ. મેં મારા કર્તવ્યને મારી સમજને અનુસરીને મારી સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીને બજાવ્યું છે. ફળ ઈશ્વર-ના હાથમાં.

એવા અનપેક્ષ કર્તવ્ય ભાવનાવાળા કર્મયોગીને સર્વ-સ્થળે સર્વકાળે શાંતિ સાંપડે છે. એ કદી કોઇએ કારણે કર્મ-ની, કર્તવ્યની, જીવનની શ્રધ્ધાને ખોઈ બેસતો નથી.

“ જીવન અનિશ્ચિતતાઓથી ભર્યું પડ્યું છે. તેમા નિશ્ચિત જો કંઈ હોય તો એ મૃત્યુ. ”

—સ્વામી પવિત્રાનંદ.

# લાઓત્સે અને કન્ફ્યુશિઅસ

[ બન્ને વચ્ચેનો એક માર્મિક પ્રસંગ ]

જયંતીલાલ આચાર્ય

ઈ. સ. પૂર્વ છઠ્ઠી સદીમાં ચીનના તેમ જ જગતના બે મહાત્માઓ–મહાપુરુષો મળ્યા હતા. તે સમયે ચીનમાં અંધાધૂંધી પ્રવર્તતી હતી. રાજ્યો રાજ્યોની ઉપર આક્રમણો થતાં હતાં. લોહીની જાણે કે નદીઓ વહેતી હતી. સુવર્ણયુગનુ સ્વપ્ન ઓસરી ગયું હતું.

આઓની રાજધાનીમાં આ બે મહાપુરુષોનો મેળાપ થયો હતો. લાઓત્સે મરમી દ્રષ્ટા હતા, જ્યારે કન્ફ્યુશિઅસ નીતિવિદ્ મહાત્મા હતા. એ તે જ યુગ હતો, જ્યારે ભારતમાં ગૌત્તમ બુદ્ધત્વ પામ્યા હતા. ગ્રીસમાં સોક્રેટિસને આવવાને એક સદીની વાર હતી અને પેલેસ્ટાઈનમાં ભગવાન ઈસુને પ્રકટવાને હજુ પાંચસો વર્ષો બાકી હતા

આ બન્નેમાં એક હતા કવિ, દ્રષ્ટા ને ઋષિ. જ્યારે બીજા જગતને બોધ આપીને નીતિમય કરવા મથતા મહાત્મા હતા. બન્નેનાં દૃષ્ટિબિંદુઓ, મનોભાવોની ભિન્નતા તેઓની વાતચીત ઉપરથી જાણી શકાશે. જ્યારે બન્નેની મર્યાદાઓ ને ભૂમિકાઓ અનુભવ કરવા મથતાને આપોઆપ પરખાશે.

તે યુગમાં ચીનમાં આ બન્ને મહાપુરુષો–લાઓત્સે અને કન્ફ્યુશિઅસની મહાત્મા તરીકેની પ્રતિષ્ઠા સારી રીતે લોકોમાં જાણીતી હતી. બન્ને મહાપુરુષો માનવતાયુક્ત સહનશીલ ને સમજુ હતા. કન્ફ્યુશિઅસ, તે વખતના પતનશીલ કાળમાં પણ લોકોને જાગ્રત કરી. સુવર્ણયુગ આણવાનાં સ્વપ્નાં સેવી



રહ્યા હતા. જ્યારે લાઓત્સેનું જીવન દર્શન કંઈક જુદું જ હતું.

કન્ફ્યુશિયસને મન સુવર્ણયુગના આગમન માટેની આવશ્યકતાઓ હતી. લોકોની સારી રીતભાત, ઉદાત્ત કાર્યો, શિષ્ટાચારનું જ્ઞાન અને ન્યાયી કાયદાઓની સંહિતાનો અમલ. લાઓત્સે કંઈક જૂદું માનતા.

માણસનું મન એના આત્મા સાથે તાદાત્મ્યભાવ સાધે, એનું વર્તન સાહજીક નિર્દોષતાભર્યું બને, વિશ્વચેતના સાથે વ્યક્તિની ચેતના સુસંવાદી થાય કે જેથી કરી ઉદાત્ત કર્મ કરવાની કે સારા બનવાના બોધની આવશ્યક્તા ન રહે.

કન્ફ્યુશિયસ વ્યવહારલક્ષી સુધારક હતા, કાયદા કાનૂનો, વિધેયકો ને સારી પરંપરાઓમાં માનતા તેમ જ સારા નરસાનો વિવેક લોકોમાં આવે તે માટે પ્રયત્નશીલ હતા; પ્રચાર કરતા, જેથી સુવર્ણયુગ આવે.

આથી ભિન્ન રીતે, લાઓત્સેના આતરાત્મામાં તો સુવર્ણયુગ સ્થપાઈ ચૂકયો હતો.

આ બન્ને મહાપુરુષો પરસ્પર મળ્યા ત્યારે લાઓત્સેની ઉમર એંસી આસપાસની હતી જ્યારે કન્ફ્યુશિઅસ ચોત્રીસ વર્ષના હતા.

મુલાકાતમાં કન્ફ્યુશિઅશે સૌ પ્રથમ લાઓત્સેને બાર શિષ્ટ સંહિતાઓનો સારાંશ સંભળાવ્યો.

લાઓત્સેએ આ સાંભળી કહ્યું "ઘણું અઘરૂં છે. મને જરા સંક્ષેપમાં જણાવો."

કન્ફ્યુશિઅસે સંહિતાઓનો સારાંશ આપતાં કહ્યું "એમાં ઔદાર્ય, પવિત્રતા ને સદાચારને ઉપદેશવામાં આવ્યાં છે"

લાઓત્સે સહજતામાં માનતા. કશામાં ડખલ કરવામાં માનતા નહિ. આથી એમણે સામું પૂછ્યું કે તમોએ જે ગુણો ઉપદેશ્યા છે તે માનવના અસ્તિત્વને (સત્તા-Being) ઘડનારાં છે? પછી તેઓએ ઉમેર્યું "તમે આ આકાશ અને પૃથ્વી તરફ નજર કરો. શું દેખાય છે? આકાશમાં સૂર્ય, ચંદ્ર ને તારાઓ કેવી સહજ રીતે, નિયમિત પણે, વ્યવસ્થાપૂર્વક ફરી, તેમનો પ્રકાશ અચૂક રીતે પાથરી રહ્યા છે. સહુ પોતપોતાની કક્ષામાં ગતિ કરી રહ્યા છે. વળી અહીં પૃથ્વી ઉપર જુઓ તો આ પક્ષીઓ એમને એક બીજાની જાતિમાં હળવા-મળવાનું કોઇ જણાવતું નથી. છતાં સહજભાવે તેઓ એક બીજા સાથે મળી રહ્યાં છે. અને પેલાં વૃક્ષો કેવાં સહજભાવે તે ઉપરની તરફ ઊગી રહ્યાં છે. આમ જ્યારે સમસ્ત પ્રકૃતિ સહજ ભાવે તાલબદ્ધ રીતે પોતાનું કામ કરી રહી છે ત્યારે તમે તો સહજધર્મોની મનુષ્યોમાં સ્થાપના માટે જાણે કે ઢોલ પીટી રહ્યા છો! માટે સાચું પૂછો તો સાહજીક લયની સાથે તાલ મેળવો; પંથને (WAY) અનુસરો એટલે તમને પ્રજ્ઞા લાધશે. તેની સાથે સાથે જ ઉપર જણાવેલાં તત્ત્વોની સ્થાપના પણ થઈ જશે, માટે ચારેતરફ ફરવાનુ બંધ કરી દો.

વળી તેમણે ઉમેર્યું "અરે ભાઈ, તમારી નૈતિક ડખલથી તો અંધાધૂધી અને ગેરવ્યવસ્થા વધશે. માટે એવી ડખલ બંધ કરો."

"માનવ હૃદયની સાહજીક ભલમનસાઇને પડકારો મા. એમ કરવાથી કદાચ હૃદયમાં નિર્વેદ આવે અથવા તો વધુ



પડતી ઉત્તેજના પેદા થઇ જાય તો એની સાહજીક સમતુલા નષ્ટ થઈ જશે. સાચું તો એ છે કે એની અસલી હાલતમાં તે અત્યન્ત શાન્ત છે ને પ્રત્યેક સ્વતંત્ર ગતિને પહોંચી વળવાની ક્ષમતા ધરાવે છે. તે બધાજ પ્રકારનું ઉડ્ડયન કરી શકે તેમ છે."

"વળી માનવની જન્મજાત પવિત્રતામાં, શુચિતામાં વિશ્વાસ રાખો. બહારથી માનવોને ચેતવો નહિ. દલીલબાજીનો અતિરેક છોડો. જગતના ક્રમવિકાસના કુદરતના કાનૂનમાં વિશ્વાસ રાખો."

આ મુલાકાત પછી કન્ફ્યુશિઅસ પાછા ફર્યા અને ત્રણ દિવસ સુધી તેઓ પોતાના શિષ્યો સાથે બોલ્યા ચાલ્યા પણ નહિ.

આખરે એક શિષ્યે હિમ્મત કરી ગુરુને પૂછ્યું "આપે લાઓને જોયા, એમને મળ્યા, આપે એમને શો ઠપકો આપ્યો?

ગુરુએ શિષ્યને નમ્ર ભાવે કહ્યું, "ભાઈ, મેં તાઓને જોયો. એ ખરું કે એ દેહમાં વીંટળાઈ રહ્યો છે. પરંતુ દેહમાંથી બહાર નીકળતાં એ તાઓ આત્મા છે. સ્વર્ગનાં વાદળો પર એ સવારી કરે છે, વિશ્વના આત્મામાંથી પોતાની પુષ્ટિ મેળવે છે. હું તો એમને મળીને અવાક થઈ ગયો! એમને હું શું ઠપકો આપી શકું?"

કન્ફ્યુશિઅસને એમ હતું કે લાઓત્સે જેવા પુસ્તકાલયના ગ્રંથપાલ અને રાજ્યની ગુપ્ત હસ્તપત્રોના સંરક્ષકનો પુરાણકાળના રીતરિવાજો અને સ્મૃતિશાસ્ત્રોનો સારો એવો અભ્યાસ હશે. એટલે એમને મળવાથી પોતાની સમાજસુધારણાની સંહિતાની રચનામાં તેમની પાસેથી સારું માર્ગદર્શન મળશે. એ હેતુથી પ્રેરાઈને જ તેઓ પોતાની શિષ્યમંડળી

સાથે એ વયોવૃદ્ધ મહાત્માને મળવા ગયા હતા. પરંતુ એમની એ ધારણા ન ફળી.

યુવાન કન્ફ્યુશિઅસે લાઓત્સેને વાતચીત દરમ્યાન એવો પણ પ્રશ્ન પૂછેલો કે સુવર્ણયુગના ઋષિઓ જે ભવ્યતા અને સુખની વાતો કહી ગયા છે, તે કેવી રીતે પાછા લાવી શકાય ?

જ્ઞાનવૃદ્ધ લાઓત્સેએ જવાબ આપ્યો, " તમે જે ઋષિઓની વ.ત કરો છો તે તો મરી પરવાર્યા છે. રહ્યાં છે કેવળ તેમના શબ્દો, ને તેમની વાણી."

" કોઈ સમૃદ્ધ સમજદાર વેપારીની જેમ સાચા ઋષિઓ પણ પોતાની સમૃદ્ધિ ગુપ્ત રાખે છે. પછી ભલેને તેઓ પરમ પ્રકાશ પામ્યા હોય. તેઓ એક સામાન્ય વ્યક્તિની જેમ રહેતા હોય છે. કોઈ દેખાવ કરતા નથી. માટે મારું માનો તો તમારો દંભ ત્યજી દો, કામનાઓને જીતો ને તેમાંથી મુક્ત થઈ જાઓ. તમારી ખરી લાયકાતમાં તમારી આ બધી વાતો કંઈ ઉમેરો કરતી નથી.

લાઓત્સેએ કન્ફ્યુશિઅસ સમક્ષ પોતાનું કયું દર્શન રજુ કર્યું તે વિષે આપણે જાણતા નથી. કદાચ તેઓએ તાઓ –આત્મા વિષે વાત કરી હશે. સર્વ સાથેની એકતાની ( Oneness ), દંભી માનવની વિરુદ્ધમાં સહજ માનવની, જીવનના લયની સાથે સંવાદી બનવાની, આગ્રહ વગરના કાર્યની, આત્માની નીરવ શાન્તિની, સામાન્ય લોકો જેઓ ચતુરાઈ, સદાચાર ને નીતિમાં શિક્ષિત ન થયા હોય છતાં તેમનામાં રહેલી સહજ પ્રામાણિકતા, સચ્ચાઈ ને અનુકંપાની વાતો કદાચ કરી હશે, એવું અનુમાન થઈ શકે.

શ્રી Sheldon cheney ના
( " Men who walked with god "ના આધારે સંકલિત)

સતત સમજપૂર્વક પ્રયત્ન કરનારનેજ વિજય મળે છે.
આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ કેવળ પુરુષાર્થ જ નહિ,
પરંતુ ધ્યેયની સ્પષ્ટ સમજ સાથે પરિશ્રમ
કરનારનો જ પુરુષાર્થ ફળે છે.

# વિજયસિંહ જી. સોલંકી

એન્જીનિયર્સ એન્ડ કોન્ટ્રાકટર્સ

કિલ્લા પારડી
જિલ્લા વલસાડ.

# શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત

નારાયણ હ. જાની

[શ્રી રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત અને શ્રીરામકૃષ્ણ કથામૃતના લેખક શ્રી એમ.]

શ્રી. મહેન્દ્રનાથ ગુપ્ત– શ્રી. રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત થઈ ગયા. તેઓશ્રીને શ્રી. એમ. તરીકે પણ વાંચકો ઓળખે છે. શ્રી. રામકૃષ્ણ પરમહંસના દૈનિક વાર્તાલાપોની ખૂબ ચોકસાઈપૂર્વકની તેઓશ્રીએ જે નોંધો રાખી, તેના પરિણામે 'શ્રી રામકૃષ્ણ કથામૃત' ના બંગાળી તેમજ ગુજરાતી ભાષાઓમાં, આધ્યાત્મિક જિજ્ઞાસુ અને સાધકોને ઉપયોગી એવા ગ્રંથો ઉપલબ્ધ બન્યા. એનું જ અંગ્રેજી ભાષાંતર the Gospel of shri Ramkrishna, પશ્ચિમના જગતને પ્રાપ્ત થયું. એઓશ્રીએ જ્યારે એ નોંધો લખી, ત્યારે તેઓશ્રીને પણ ભાગ્યે જ કલ્પના હશે કે ભવિષ્યમાં તેઓશ્રીની આ નોંધો શ્રી પરમહંસ દેવના જીવનનનાં વિવિધ પાસાંઓને, તેમની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાને તથા તેઓશ્રીના જીવનની સાદાઈ, સરળતા, ને હર ક્ષણના 'મા જગદંબા' સાથેના અનુસંધાનની ખૂબ જ પ્રમાણભૂત માહિતી આપતા ગ્રંથો બની રહેશે. શ્રી સહજાનંદ સ્વામીનાં 'વચનામૃતોની જેમ શ્રી રામકૃષ્ણ પરમહંસના ભકતો અને જિજ્ઞાસુઓ સાથેના ઘરગથ્થુ લોકભોગ્ય ભાષામાંના આ વાર્તાલાપો આજના અને આવતી પેઢીઓના માનવોનો અમૂલ્યધાર્મિક વારસો બની રહેશે, એમાં શંકા નથી. એ માટે આપણે સહુ શ્રી મહેન્દ્રનાથ ગુપ્તના ભારે ઋણી છીએ.

શ્રી. મહેન્દ્રનાથનો જન્મ કલકત્તામાં ૧૮૫૪માં થયો હતો. તેઓ જ્યારે નાના હતા ત્યારે એક વખત એમની મા સાથે દક્ષિણેશ્વર જોવા ગયેલા. તે મંદિર થોડા વખત પહેલાં જ બાંધવામાં આવ્યું હતું. અહીં એવું બન્યું કે મંદિરના પટાંગણમાં લોકોની ભીડમાં તેઓ પોતાની માથી છૂટા પડી ગયા; અને રડવા લાગ્યા. ત્યાં તો પાસેના મકાનમાંથી એક યુવાન માણસ બહાર આવ્યો અને તેમને સાંત્વન આપવા લાગ્યો. એટલું જ નહિ, પરંતુ જ્યાં સુધી એમની મા સાથે એમનો મેળાપ ન થયો ત્યાં સુધી એમની પાસે જ રહ્યો. પાછલાં વર્ષોમાં શ્રી મહેન્દ્રનાથ માનતા કે એ યુવાન માણસ બીજું કોઈ નહિ, પરંતુ શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતે જ હતા.



શ્રી મહેન્દ્રનાથ ખૂબ તેજસ્વી વિદ્યાર્થી હતા. કલકત્તા યુનિવર્સિટીની ૧૮૭૫માં લેવાયેલી સ્નાતકની પરીક્ષામાં તેઓ ત્રીજા નંબરે આવ્યા હતા. તેઓ ભણતા હતા ત્યારે જ એમનું લગ્ન થયેલું. શ્રી કેશવચંદ્ર સેન એમના પત્નીના સગા હતા; એથી એ રીતે તેઓ એમના એકનિષ્ઠ અનુયાયીઓમાંના એક બન્યા. સ્નાતક બન્યા પછી શિક્ષક તરીકે એમણે પોતાની કારકિર્દી શરૂ કરી. દક્ષિણેશ્વરમાં શ્રી. રામકૃષ્ણદેવ સાથેનો તેઓશ્રીનો પ્રથમ મેળાપ, ૧૮૮૨ ના ફેબ્રુઆરીમાં થયો. ત્યારે તેઓ કલકત્તાના મેટ્રોપોલીટન ઈન્સ્ટીટયુમાં શીખવતા હતા. જો કે આ મેળાપ કઈ તારીખે થયો તેની ચોક્કસ માહિતી તેઓએ નથી આપી. આમ છતાં તે દિવસ રવિવારનો અને તા ૨૩ ફેબ્રુઆરી પછીનો હતો, એટલે તા. ૨૬– ફેબ્રુઆરીનો જ એ દિવસ હશે, એમ ચોકસાઈપૂર્વક કહી શકાય.

"કથામૃતનો" પ્રારંભ સીધી સાદી રીતે એકદમ થાય છે. એનું કારણ એ પણ હોઈ શકે કે શ્રી. એમ. શ્રી રામકૃષ્ણદેવ સાથેના અનુભવોથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા

હતા કે લખતાં પહેલાં, મનમાં એની ગોઠવણી કરવા પણ રોકાઈ શક્યા નહિ.

દક્ષિણેશ્વરમાં શ્રી કાળીમાતાનું મંદિર ગંગાના કિનારે આવેલું છે અહીં જ શ્રી. મહેન્દ્રનાથનો શ્રી. રામકૃષ્ણદેવ સાથે પ્રથમ મેળાપ થયો. થોડા દિવસો પહેલાં જ તા. ૧૮ મી ફેબ્રુઆરી એ એમનો જન્મ દિવસ ઉજવાયેલો તે પછી શ્રી કેશવચંદ્રસેન અને શ્રી. જોસેફ કૂક સાથે તા. ૨૩મીએ તેઓએ નૌકાવિહાર કરેલો. ત્યારબાદ થોડા દિવસો કેડે, સંધ્યા સમયે શ્રી. એમ. શ્રી. રામકૃષ્ણદેવના ઓરડામાં પ્રવેશ્યા. આ એમની પહેલી મુલાકાત.

લાકડાના તખ્ત ઉપર, પૂર્વ દિશા ભણી મુખ રાખીને રામકૃષ્ણદેવને બેઠેલા એમણે જોયા. એમના મુખ ઉપર સ્મિત હતું અને એઓ ભગવાનની વાતો કહી રહ્યા હતા. ભક્તોનો સમુદાય એમની સામે જમીન ઉપર બેઠેલો હતો. આખો ઓરડો ભરચક હતો. ખૂબ શાંતિપૂર્વક બધા જાણે કે આ ઉપદેશામૃતનું પાન કરી રહ્યા હતા.

શ્રી. મહેન્દ્રનાથ એક બાજુ ઉપર મૂંગા ઊભા રહી આ વાર્તાલાપ સાંભળી રહ્યા. એમને એવું લાગ્યું કે જાણે શુકદેવજી સ્વયં અહીં આવીને ભગવાનના જ્ઞાનની વાતો કહી રહ્યા છે! અને સર્વે પવિત્ર તીર્થો જાણે આ ઓરડીમાં એકઠાં થઈ ગયાં છે! અગર તો શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતે એમના ભક્તો સ્વરૂપ, રામાનંદ વગેરે સાથે મળીને જાણે કે જગન્નાથ પુરીના 'પવિત્ર ધામમાં પ્રભુનું' સંકીર્તન કરી રહ્યા છે!

આ વખતે શ્રી રામકૃષ્ણદેવ કહી રહ્યા હતા કે "જ્યારે માત્ર એકવાર પણ શ્રી રામ અથવા શ્રી હરિનું નામ બોલતા



માણસની આંખમાંથી અશ્રુઓનો પ્રવાહ ચાલવા માંડે, અને એને રોમાંચ થઈ જાય, ત્યારે અચૂક જાણવું કે એ માણસને હવે કોઈ વિધિવિધાનવાળી ક્રિયાઓ કરવાની જરૂર નથી, ફક્ત ત્યારે જ એનો ત્યાગ કરવાનો અધિકાર એને પ્રાપ્ત થાય છે અથવા કહો કે એ બધાં ધાર્મિક વિધિવિધાનો એની મેળે જ છૂટી જાય છે. તે પછી તેને માટે શ્રીરામ, શ્રીહરિ અથવા માત્ર ૐનું કેવળ રટણ કરવું જ પૂરતું છે. "પછી એના અનુસંધનામાં આગળ બોલતાં કહ્યું" વિધિવિધાનવાળી પૂજા પવિત્ર ગાયત્રી મંત્રમાં લય પામે છે જ્યારે ગાયત્રીમંત્ર માત્ર ૐમાં સમાઈ જાય છે."

શ્રી મહેન્દ્રનાથ અને એમના મિત્ર સિધુ જુદા જુદા બાગ બગીચાઓમાં ફરવા જતા, એમ કરતાં તેઓ દક્ષિણેશ્વરના મંદિરવાળા બગીચામાં પણ આવી ચડયા. એ રવિવારનો દિવસ હતો. થોડી મિનિટો પહેલા જ, શ્રી પ્રસન્ના બેનરજીના બગીચામાં તેઓ ફરી રહ્યા હતા. ત્યારે સિધુએ કહ્યું કે ગંગા કિનારે એક સુંદર બગીચો છે. ત્યાં એક પવિત્ર પુરુષ–પરમહંસ પણ વિરાજે છે, શું તને ત્યાં આવવાનું ગમશે?"

શ્રી એમ. અને સિધુ બન્ને મંદિરના મુખ્ય દરવાજાથી શ્રી. રામકૃષ્ણદેવના ઓરડામાં જ સીધા પ્રવેશ્યા. જોતાં જ શ્રી મહેન્દ્રનાથને થયું, "અહા! કેવું અદ્‌ભુત સ્થાન ને કેવા અદ્‌ભુત મહાપુરુષ? હવે મારે અહીંથી બીજા કોઈ સ્થળે જવું જ નથી. પરંતુ પછી તેને વિચાર આવ્યો કે આસપાસ જરા જોઈ લઉં કે હું આ સ્થાનમાં ખરેખર કયી જગામાં છું. પછી પાછો આવી હું અહીં બેસીશ."

આમ વિચારી શ્રી. મહેન્દ્રનાથ અને સિધુ ઓરડામાંથી બહાર નીકળ્યા કે સાંજની આરતીનો ઘંટારવ શંખનાદ ને

નગારાનો કર્ણપ્રિય અવાજ એમના કાને પડ્યો. એ સાથે બગીચાના દક્ષિણ છેડે આવેલી નોબતખાનામાંથી પણ મધુર સંગીતનો ધ્વનિ આવી રહ્યો હતો. મધુર સંગીતના આ સરોદો બાજુમાં વહેતી ગંગાના પ્રવાહ ઉપર દૂર-દૂર સુધી ફેલાઈ વાતાવરણમાં વિલિન થઈ જતા હતા. વળી વસંત ઋતુના મંદ મંદ વાતા વાયુની લહરીઓ ઉપર સવાર થઈને પાસેના બગીચાનાં ફુલોની સુગંધ આવી રહી હતી. આમ એવું લાગતું હતું કે જાણે કુદરતનાં બધાં જ અંગો સાયંકાળની પૂજાની તૈયારી ન કરી રહ્યાં હોય! શ્રી. મહેન્દ્રનાથે દ્વાદશ જ્યોતિર્લિંગ, રાધા કાન્ત અને કાલીમાતાના મંદિરોની આરતી-માં ભાગ લીધો. આથી એને ખૂબ આનંદ થયો. સિધુએ કહ્યું "આ મંદિર રાણી રાસમણિએ બંધાવ્યું છે. અહીં બધાં જ દેવળોમાં નિયમિત રીતે પૂજા આરતી વગેરે થાય છે. અને ઘણા સાધુસંતો તેમ જ ભિક્ષુકોને રોજ જમાડવામાં આવે છે."

આમ વાત કરતા સિધુ અને મહેન્દ્રનાથ કાલીમાતાના મંદિરનું પટાંગણ વટાવી શ્રી. રામકૃષ્ણદેવના ઓરડાના પ્રવેશ-દ્વાર આગળ આવી પહોંચ્યા. તે વખતે ઓરડાનાં દ્વાર બંધ હતાં.

શ્રી. મહેન્દ્રનાથને અંગ્રેજોની રીતભાત ને વ્યવહાર પદ્ધતિ-ની તાલીમ મળેલી હતી. તેથી તેઓ જાણ કર્યા સિવાય રામ-કૃષ્ણદેવના ઓરડામાં કેવી રીતે જઈ શકે? ત્યાં તેઓએ દરવાજાની બહાર વૃંદા નામની નોકરબાઈ ઊભેલી જોઈ. એથી મહેન્દ્રનાથે એને પૂછ્યું. "અરે, પેલા સંતપુરુષ અત્યારે અંદર છે? વૃંદાએ જવાબ આપ્યો, "હા, તેઓ અંદર જ છે."



મહેન્દ્રનાથઃ-"તેઓ અહીં કેટલા વખતથી નિવાસ કરે છે?"

વૃંદાઃ- 'અરે, ઘણાં વર્ષોથી.'

મહેન્દ્રનાથઃ-તેઓ શું ઘણાં પુસ્તકોનો અભ્યાસ કરે છે?

વૃંદાઃ-શું પુસ્તકો! ના રે ના. તેઓ બધાં તો એમને મોઢે છે.

મહેન્દ્રનાથ મહાવિદ્યાલયમાંથી તાજા જ ઉત્તીર્ણ થયા હતા. એથી એમને આશ્ચર્ય થયું કે શ્રી. રામકૃષ્ણ કોઈ વિદ્વાન નથી.

મહેન્દ્રનાથઃ-અત્યારે કદાચ તેઓ સાયં પૂજામાં બેઠેલા હશે, તો શું અમે અંદર જઈ શકીએ? તેમની મુલાકાત માટે-ની પરવાનગી તમે અમને મેળવી આપશો?

વૃંદાઃ-'છોકરાઓ, સીધા અંદર જાઓ. અંદર જઈને શાંતિથી બેસી જજો.'

તેઓ અંદર પ્રવેશ્યા ત્યારે શ્રી. રામકૃષ્ણ લાકડાના તખત ઉપર એકલા બેઠેલા હતા. બાજુમાં ધૂપ સળગી રહ્યો હતો અને ઓરડાના બધા જ દરવાજા બંધ હતા. અંદર પ્રવેશતાં જ મહેન્દ્રનાથે બન્ને હાથ જોડી ગુરુને પ્રણામ કર્યા. ગુરુએ એમને બેસવા કહ્યું. એટલે તેઓ જમીન ઉપર બેઠા પછી શ્રી રામકૃષ્ણે તેઓને પૂછ્યુંઃ "ક્યાંથી આવો છો? શું કામ ધંધો કરો છો? બારાનગર શું કામ આવ્યા છો? વગેરે શ્રી મહેન્દ્રનાથે પોતાનો પરિચય આપી, બધા પ્રશ્નોના જવાબ આપ્યા. પરંતુ એમણે જોયું કે શ્રી રામકૃષ્ણદેવ વચ્ચે વચ્ચે વારંવાર બેધ્યાન જેવા બની જતા. પાછળથી એમને જાણ

થઈ છે એવી અવસ્થાને ભાવાવસ્થા કહે છે. એમની એ માનસિક અવસ્થાને હાથમાં સોટી લઈને બેઠેલા માછીમારની અવસ્થા સાથે કંઈક અંશે સરખાવી શકાય પાણીમાં માછલીએ ગલ પકડવાને લીધે, હાથમાંની સોટી ઊંચીનીચી થાય ત્યારે એ ખૂબ એકાગ્રતા ને આતુરતાથી જોઈ રહે છે. ત્યારે તે કોઈની સાથે જરાપણ વાત કરતો નથી. શ્રી. રામકૃષ્ણદેવની અવસ્થા કંઈક આવી હતી. પાછળથી શ્રી મહેન્દ્રનાથે કેવળ સાંભળ્યું જ નહિ પરંતુ પ્રત્યક્ષ જોયું કે સંધ્યાકાળ થતાં શ્રી રામકૃષ્ણદેવ કેવી ભાવદશામાં ડૂબી જતા! અને કેટલીક વાર તો તેઓ સંપૂર્ણ બાહ્ય ચેતના પણ ગુમાવી દેતા.

( ક્રમશઃ )

( શ્રી. ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે )

"ચંદન વૃક્ષ, સુવાસીત ફૂલો કે અન્ય સુગંધી પદાર્થો કરતા પણ સદ્‌ગુણોની સુવાસ ચઢીયાતી છે."

—ભગવાન બુદ્ધ.



શ્રેયયાત્રા : ૧૧

# જીવનવિશુદ્ધિ, ભજનરસ અને સ્મરણીય કરતાલ-ધ્વનિ

ભાઈલાલભાઈ છારબાર

રાતે સાડા આઠ વાગ્યે કનુભાઈને ત્યાં ભજનમાં પહોંચી ગયા.

મહાત્માજી અને માતાજી પોતપોતાનાં આસન ઉપર બિરાજ્યાં એટલે કનુભાઈએ તથા તેમના કુટુમ્બના સૌ સભ્યોએ મહાત્માની પૂજા કરી. અન્ય સૌએ એક પછી એક આસન પાસે આવીને પ્રણામ કર્યા.

પ્રવચનમાં આવનાર ૪૦-૫૦ બહેનો-ભાઈઓ આજે અહીંના સત્સંગમાં આવ્યાં હતાં.

પૂજા-પ્રણામના વિધિમાં પંદરેક મિનિટ પસાર થઈ.

ભજન નવ શરૂ થાય તે પહેલાં થોડો સમય રહ્યો તેમાં મહાત્માજીએ સાધક-ભક્તના જીવનમાં વિશુદ્ધિના મહત્ત્વ વિશે કહ્યું.

મહાત્માજી—જીવનની વિશુદ્ધિ વગર પરમાત્માના પરમ પ્રકાશનો પરિચય થઈ શકતો નથી. કામ અને ક્રોધમાંથી જે મનુષ્ય મુક્ત થયો નથી, તે કદી પણ પ્રભુને પ્રાપ્ત કરી શકતો નથી.

ભક્તિમાર્ગમાં પણ સદાચારને મુખ્ય ગણેલ છે. વિશુદ્ધ વાણી, મન અને આચારનું તેમાં મહત્ત્વ માનેલ છે. સદાચાર અને નૈતિકતાની જીવનમાં પ્રતિષ્ઠા કરવાની છે વિશુદ્ધિના પ્રમાણમાં ભક્ત શાન્તિનો અનુભવ કરી શકે છે.

દિલના ઝૂંપડાઓમાં લાગેલાં મોટાં મોટાં જાળાં વાળીઝૂડીને સાફ કરવાની જરૂર છે.

વિચારો, ભાવો અને કર્મોને વિશુદ્ધ ન બનાવીએ ત્યાં સુધી એકલા માળા, જપ અને તપ કે દેહદમન શાન્તિ આપી શકતાં નથી. ગ્રન્થવાચન, મંદિરદર્શન અને તીર્થાટન એ બધાનું સારતત્ત્વ અંતઃકરણની નિર્મળતા અને હૃદયની વિશુદ્ધિ છે.

બધી સાધના, બધા ધર્મ અને બધી આધ્યાત્મિકતાનું ધ્રુવપદ શુભનો સંચય છે, માટે શુભવૃત્તિઓનો સંચય કરવાની આવશ્યકતા છે.

શમ, દમ, વિવેક અને વૈરાગ્ય વગેરે સાત્ત્વિક સંપત્તિ માનવજીવનને વિશુદ્ધ બનાવે છે, એમ શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે. યમ અને નિયમનું પાલન એટલે કે સદ્ગુણોની સૌરભનો સંગ્રહ, એમ અષ્ટાંગ યોગમાં મહર્ષિ પતંજલિ દર્શાવે છે.

કેવળ તર્કથી સાચી આધ્યાત્મિક અનુભૂતિ શક્ય નથી; કારણકે તે મન અને બુદ્ધિની પારનો વિષય છે. નરી પાર્થિવતામાં, બુદ્ધિની કઠણ અને ખડકાળ જમીનમાં, આત્મિક દિવ્યતાનું પુષ્પ ખીલી શકતું નથી.

સાચા ભક્તના જીવનમાંથી અહંતાનો અસૂર નાશ પામ્યો હોય છે. તેને દિવ્ય પ્રકાશ દ્વારા શક્તિ અને સામર્થ્ય સાંપડ્યાં હોય છે અને તેથી તેની પ્રજ્ઞા સમૃદ્ધ બની હોય છે.

પ્રાર્થના દ્વારા પ્રભુના સામર્થ્ય અને તેની કરુણાનો અનુભવ કરીને ભક્તનું સમગ્ર જીવન ચાલે છે.

મહાત્માજીનું પ્રાસંગિક વક્તવ્ય પૂરું થતાં ભજનો શરૂ થયાં. અમે સૌ ભજનોને ઝીલવા લાગ્યાં. ભજનોનું વાતાવરણ ધીરે ધીરે જામ્યું અને સૌ ભજનરસમાં ડૂબી ગયા. ભજન–



કીર્તનમાં સક્રિય ભાગ લેતાં સર્વ કંઈ ભુલાઈ જાય છે, એવો સૌને અનુભવ થયો.

લયબદ્ધ ગવાતાં અને પ્રેમપૂર્વક ઝીલાતાં ભજનો દરમિયાન માનસિક સ્તર પર રમી રહેલી ચેતના, કોઈ અલૌકિક–પારના પ્રદેશમાં પ્રવેશ પામતી અનુભવાય છે અને શાન્તિ ચૂપકીદીથી આત્મામાં પ્રવેશ કરે છે.

છ–સાત ભજન ભજનિકોના સમૂહે ગાયા પછી મહાત્માજીએ પોતે પણ સ્વરચિત બે ભજન કરતાલ લઈને ગાયાં. તેઓશ્રી ભાવવિભોર બનીને ગાતા હતા. અન્ય સૌ પ્રેમપૂર્વક ઝીલતા હતા. મહાત્માજીએ ગાયેલ. એક ભજન નીચે પ્રમાણે હતું :—

મારે તારો આધાર જીવનના જંગમાં,
તારો એક જ આધાર જીવનના જંગમાં.

બીજા આધાર કશા કામ ના આવે,
દુઃખ તેમ દર્દોનો અંત ના લાવે.
આપે કૈં ના આરામ, જીવનના જંગમાં—મારે૦

તારા વિના કહેને કોનો આધાર છે ?
પ્રેમ દયાસિન્ધુ કોણ ગુણનો આગાર છે ?
કોણ શક્ત કરવા ઉદ્ધાર, જીવનના જંગમાં—મારે૦

ભૂલ્યાનો ભોમિયો ને અંધ તણી આંખડી,
છાયા સંતપ્ત તણી, પંખીની પાંખડી,
તું તો તારણહાર, જીવનના જંગમાં—મારે૦

સંત કે મહંત વળી દેવોની પાસે,
છોડી તને જે, આશાથી જાશે,
તેનું સરશે ના કામ, જીવનના જંગમાં—મારે૦

સૌને છાંડીને તારી પાસે પધાર્યો,
આશા રાખીને તારી પાસે હું આવ્યો,
બીજે લાગે ના સાર, જીવનના જંગમાં—મારે૦

પંડિત ને તપસી જે તુજને ભૂલેલા,
મમતા ને મદના જે દરિયે ડૂબેલા,
તે તો પામે ના પાર, જીવનના જંગમાં—મારે૦

પાગલ થે પ્રેમની વર્ષા વરસાવ તું,
તારો કરી દે મને, કદી ના તલસાવ તું,
કંપી જાયે છો કાળ, જીવનના જંગમાં—મારે૦

મહાત્માજીની તદ્રૂપતા પ્રેરક અને રોમાંચક હતી તાલબદ્ધ સ્વરોમાં કરતાલ–મંજિરાના સાથથી ભજનની ધૂન તેની ચરમ સીમાએ પહોંચી રહી. અનેક વ્યક્તિઓનો એકરસ થઈ ગયેલો અવાજ ભારોભાર ભરેલા ભાવને કારણે રાત્રિની શાન્તિમાં અદ્ભુત રીતે ગુંજતો હતો. આ ઘૂંટાતા નાદમાં કરેલી ધૂપની સુવાસ એકાકાર થઈ ગયેલી—સૂર અને સુગંધનું જાણે મધુરું મિલન. સૌ ભજનરાગમાં ડૂબી જઈ આજે ભજનિકો જાણે ઉર્ધ્વલોકના યાત્રિક બની ગયા હતા

આ છેલ્લું ભજન પૂરું થઈ ગયું. પ્રત્યેક દિનની માફક આજે નવી મધુર ધૂન હતી.

મહાત્માજીના નયનમાંથી નીતરી રહેલ અમી અને મધુરાં સ્મિતની મીઠાશ અમને સૌને હૃદયંગમ બની રહી. શ્રદ્ધા અને પૂજનીયતા પ્રેરતું તેઓશ્રીનું વિશ્વજીત વ્યક્તિત્વ અમારા સૌના હૃદયપ્રદેશ ઉપર છવાઈ રહ્યું.

પ્રભુભક્તિના ગુણગાન અને તે પણ મહાત્માજીના શ્રીમુખે થાય એટલે તેના સામર્થ્યથી તે પથ્થર હૃદયને પણ પીગળાવી મુલાયમ અને ઉજ્જવળ બનાવી દે તે સ્વાભાવિક છે.



શબ્દો નહિ પણ જાણે ભક્તિ અને જ્ઞાનનો સ્રોત વહી રહેલ હોય એમ આજે સૌ રસતરબોળ બની ગયા હતા. વ્યક્તિની ચેતના વિશ્વચેતના સાથે મળીને એકરૂપ થઈ ગઈ હોય એવું સ્વર્ગીય વાતાવરણ સર્જાયું હતું.

સૌને સાકરમિશ્રિત દૂધનો પ્રસાદ મળ્યો.

મહાત્માજીને અને માતાજીને પ્રણામ કરીને સૌએ વિદાય લીધી.

રાતના દસ સુધીનો આજનો ક્રમ હતો. તે પૂરો થતાં ઉતારા સુધી હું સાથે ગયેલો. પ્રણામ કરીને મેં રજા લીધી.

મહાત્માજીને કરતાલ લઈને ભજન ગાતા પહેલી વાર અને છેલ્લી વાર જોયા. તેઓશ્રીનું આ સ્વરૂપ સદાને માટે અવિસ્મરણીય બની રહ્યું.

આવી કોઈક રાત જીવનમાં એકાદવાર જ આવતી હોય છે.

(ક્રમશઃ)

" એક સદ્દગુણ બહુ મુશ્કેલીથી બીજા સદ્દગુણને ખેંચી લાવે છે. પણ એક દુર્ગુણ અનેક દુર્ગુણોને સહેલાઈથી લાવી શકે છે. "

—સંત કબીર

## શ્રદ્ધા

કનૈયા ક્યાં ગયો રે (૨) હું તો ઘેલી ઘેલી ફરતી,
મને તું ક્યાં મળે રે (૨) જોતી વાટલડી હું વળતી.કનૈયા.

પૂર્વ જન્મના કો' સંસ્કારે, અત્રે પડિયું પાનું,
તું ના મળતાં, ગાંડી ફરતી (૨) નથી રહ્યું હવે છાનું.કનૈયા.

તારા વિણ મને ઘડી ન ગમતું, જાદુ તેં કંઈ કીધું,
હું ગભરાતી, હું અથડાતી (૨) પ્રેમ રસાયણ પીધું.કનૈયા.

ઘરના કામે ચિત્ત ના ચોંટે, જીવ તારામાં જડીયો,
ઉપરચોટિયું કામ થાય ના (૨) ખોવાયેલ તું મળિયો.કનૈયા.

અનેક જન્મના વિયોગ તારો, આ જન્મે તું મળશે ?
નહિ તો ચિંતવન કરતાં કરતાં (૨) અંતે પુદ્‌ગલ પડશે.કનૈયા.

પિંડ પડે તો ભલે પડે પણ, નથી હું તુજથી અળગી,
ૐ રશ્મિ કદી નહિ મળે અહીં, (૨) લઉં ગૌલોકે ઝડપી.કનૈયા.

—ૐ રશ્મિ



## આપણા હાથમાં કાંઈ ના ભાઈ

આપણા હાથમાં કાંઈ ના ભાઈ,
આપણા હાથમાં કાંઈ.

ઈચ્છા પ્રમાણે તાપ ટકે ના બેસી રહે ના છાંય,
આપણા હાથમાં કાંઈ ના ભાઈ આપણા હાથમાં કાંઈ.

સમજી એવું શાંત રહેવું લાગે ભલેને લ્હાય,
સુખ ને દુ:ખમાં લાભ ને હાનિમાં જન્મમરણની માંહ્ય.
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

ધન્ય કરીએ ધન્ય થઈએ, પીને પ્રેમને પાઈ,
વરસાઈ એટલું વરસી લઈએ ચારે તરફ પાઈ,
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

યોજનાનુસાર યત્ન કરીએ તરવા સાગર ભાઈ,
રાખે તેમાં રાજી રહીએ જ્યારે જે વિધ સાંઈ,
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

—યોગેશ્વર

## દરશન દો

દરશન દો હરિ ઓમ,
ઘો દિવ્ય નજર હરિ ઓમ !
દરશન દો૦...
મન વીંટાયું માયાજાળે, ડૂબ્યું વાસના-કીચ;
દુર્વૃત્તિના દુસ્તરંગો દે અંતઃકરણને ભીંસ !
હવે કરુણા કરો હરિ ઓમ;
—દરશન દો૦...

ભવસાગરમાં ઊછળે મોટા જળ લોઢ તુફાન;
જીવનનૈયા ઝોલે ચઢી ત્યાં કોણ સમાલે સુકાન ?
કરો કૃપાદૃષ્ટિ હરિ ઓમ:
—દરશન દો૦...

ભવરણમાં વિષચી વંટોળો, ધૂળ ધીંગીની ડમરી;
ખૂંપે ખૂંપે ઊંડે ઊંડે જીવને રે કંઈ ભમરી !
ઝાલો હાથ હવે હરિ ઓમ.
—દરશન દો૦....

મન મોજી ને મન ફોજી, એને વિકાર-સેન પલટણ;
સમો આવે એને સુવાડી દેશે, કરી દેશે રામશરણ !
પ્રભુ, પ્રેમ વહાવો હરિ ઓમ.
—દરશન દો૦...

—ડૉ. અશ્વિન પટેલ



## રાધા–માધવ

રાધા, માધવને મન ભાવી,
રાગ પરસ્પર, અદકો ન ઊણો,
અણુ અણુ ભાવ વહાવી
રાધા, માધવને મન ભાવી,

ફૂલ ફોરમમાં, ફોરમમાં ફૂલ
સહજે સ્નેહ સુહાવી.........રાધા...

અવનિઉર ઘનશ્યામ સમાવી
અન્તરને અમરાવી.........રાધા...

તપ ને ત્યાગ તપાઈ ગયાં ત્યાં
પ્રેમની વલ્લરી વાવી
રાધા, માધવને મન ભાવી.

—ડૉ. રણજિત પટેલ ( અનામી )

# ભાગવત સુધા

પ્રા. જનાર્દન દવે

अहमेवासमेवाग्रे नान्यद् यत् सदसत्परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥

શ્રીમદ્ ભાગવતની બે સદ્‌ગુરુ પરંપરા છે. પ્રથમ પરંપરામાં ભગવાન નારાયણે સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માને પરમતત્ત્વનો સદુપદેશ કર્યો. શ્રીબ્રહ્માજીએ આ તત્ત્વ પોતાના પુત્ર નારદને સંભળાવ્યું. નારદજીએ ભગવાન વેદવ્યાસને આ જ્ઞાન સંભળાવી તેનો વિસ્તાર કરવા કહ્યું. ભગવાન વેદવ્યાસે તેને અઢાર હજાર શ્લોકોમાં નિરૂપી શ્રીશુકદેવજીને આ શાસ્ત્ર ભણાવ્યું. શ્રીશુકદેવજીએ રાજર્ષિ પરીક્ષિત અને સૂતજીને સંભળાવ્યું.

બીજી પરંપરા શેષ ભગવાનથી શરૂ થાય છે. શેષનારાયણે સનકાદિને તેમણે સાંખ્યાયનને, સાંખ્યાયને પરાશર અને બૃહસ્પતિને અને પરાશરજીએ મૈત્રેયજીને આ તત્ત્વજ્ઞાન સંભળાવ્યું. મૈત્રેયજીએ છેવટે વિદુરજીને આ તત્ત્વનો ઉપદેશ કર્યો.

શ્રીનારાયણ ભગવાને બ્રહ્માજીને માત્ર ચાર જ શ્લોકોમાં તત્ત્વ સંભળાવ્યું. આ ચતુઃશ્લોકીને ચતુશ્લોકી ભાગવત કહે છે. તેમાંનો આ પહેલો શ્લોક છે. જગતને જાણવા બેસશો તો પાર આવશે નહિ. એટલે જીવનનાં જીવન વીતી જાય તો પણ અમે સંસારને પુરેપૂરો ઓળખી લીધો છે એમ કોઈ દાવો કરી શકે નહિ. વેદાંતીઓમાં તેથી બે વિચાર પ્રણાલિકા છે. સૃષ્ટિદૃષ્ટિવાદ અને દૃષ્ટિસૃષ્ટિવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ તત્ત્વની શોધમાં નીકળેલા શરૂઆતના જિજ્ઞાસુ માટે છે, જિજ્ઞાસુને



સદ્‌ગુરુ બતાવે છે. જેટલાં જેટલાં કાર્ય છે તે પોતાની મેળે બનતાં નથી. પણ કારણમાંથી બને છે. ઘડો બને છે માટીમાંથી, ટેબલ બને છે લાકડામાંથી. આમ વસ્તુ અથવા દ્રવ્ય જેમાંથી આકાર બને છે તેને ઉપાદાન કારણ કહે છે. માટી અને લાકડું ઉપાદાન કારણ છે.

જ્યારે આ વિશ્વનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બન્ને બ્રહ્મતત્ત્વ છે. એટલે સૃષ્ટિથી શરૂ કરીને તેના સર્જનહાર તરફ, કાર્યથી શરૂ કરીને કારણ તરફ લઈ જતી વિચારધારા સૃષ્ટિદૃષ્ટિવાદ છે.

પરંતુ જ્ઞાનીઓ સૃષ્ટિમંડાણની માથાકુટમાં પડતા નથી. જ્ઞાનીઓ મૂળને પકડે છે, બ્રહ્મને જ પોતાના સંપૂર્ણ ચિંતનનો વિષય બનાવે છે. એટલે તેઓ એવું વિચારે છે બ્રહ્મસત્તા જ એકલી સદ્ તત્ત્વ છે. આ બ્રહ્મસત્તા ચાહે તો વિવર્તવાદની રીતે વિચારો કે પછી પરિણામવાદની દૃષ્ટિએ વિચારો આદિ મધ્ય અંતમાં બધામાં એકલા પરમાત્મા જ છે. આ વિચારધારાને ઉપરનો શ્લોક પુષ્ટિ આપે છે.

ભગવાન કહે છે કે સદ્ એટલે જીવ અને અસદ્ એટલે પદાર્થોથી શ્રેષ્ઠ અથવા વિલક્ષણ એવો હું જ બ્રહ્મરૂપે પૂર્વે હતો. અહીં વિદ્વાનો एव ને બે રીતે જુએ છે अहम आसम एव એમ અન્વય લેતાં સૃષ્ટિ, અર્થાત્ પ્રાણીઓ પદાર્થો, મહત્ આદિ કંઈ ભલે પ્રારંભમાં ન હતું પણ હું તો હતો જ. મારો અભાવ હોઈ ન શકે. વિશ્વનો તો પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, પદાર્થોનો અન્યોન્યાભાવ, અને વિવર્તવાદીઓની રીતે અત્યંતાભાવ હોઈ શકે છે પણ બ્રહ્મસત્તા નિત્ય છે અને સદ્ અસદ્‌થી વિલક્ષણ છે એટલે તેનો અભાવ હોય નહિ. एव ને બીજી રીતે લેતાં अहम एव आसम अग्रे પૂર્વે હું જ એક

માત્ર હતો. બીજું કશું જ ન હતું—એવો અર્થ થાય છે. સદ્ જીવો અને અસદ્ જગત ન હતું માત્ર હું જ બ્રહ્મરૂપે હતો.

આ વિશ્વ સદ્ અને અસદ્ દેખાય છે. ત્યારે પણ હું જ છું. સુવર્ણનું બંગડીના આકારમાં દેખાવું કોઈ વિકાર નથી આકાર (રૂપ) અને સંજ્ઞા (નામ) તો એક મેકને એક મેકથી જુદા પાડવા માટે મૂકયા છે. આકાર રૂપે પ્રતીતિ થતાં તત્ત્વ નાશ પામતું નથી. શાંકરવેદાંતીઓ માને છે કે અંતઃકરણમાં શુદ્ધચેતનનું પ્રતિબિંબ તે જીવભાવ છે. શુદ્ધચેતન+માયા=ઈશ્વર શુદ્ધચેતન+અવિદ્યા=જીવ, માયા અને અવિદ્યા હટાવી લો તો કેવળ શુદ્ધચેતન જ અવશિષ્ટ રહે છે.

પરિણામવાદીઓમાં શ્રીવલ્લભ અવિકૃત પરિણામવાદમાં માને છે. દૂધ દહીં રૂપે પરિણમે ત્યારે તો દૂધમાં વિકાર જોવામાં આવે છે પણ પરમાત્મા તો અનંત શકિત સંપન્ન છે, આ પરમાત્મા પોતે જગદાકાર બને છે તે તો વિકાર વિનાનું પરિવર્તન છે; અથવા તો બહુ ભવન સમર્થત્વ તો બ્રહ્મનું ભૂષણ છે દૂષણ નથી.

છેવટે સૃષ્ટિ-નામરૂપ મિથ્યા સિદ્ધ થાય અથવા પ્રલય પામે ત્યારે બ્રહ્મતત્ત્વ તો અ-બાધિત જ રહે છે. જે સદ્ છે તે ત્રણે કાળમાં સદ્ જ હોય, અને અસદ્ છે તે ત્રણે કાળમાં અસદ્ જ હોય એટલે यः अवशिष्यते જે છેવાડે રહે છે તે પણ હું જ છું.

આ રીતે ચતુઃશ્લોકોમાં બ્રહ્મ જ ત્રણે કાળમાં છે એમ કહીને તે ત્રિકાળનો વિષય નથી પણ ત્રિકાળથી અતીત છે એમ સમજાવ્યું. માંડૂકયમાં ૐ इत्येतदक्षर मिदम् सर्वम् ૐ જ આ બધું ભૂત ભવિષ્ય વર્તમાન છે એમ કહ્યા પછી પહેલા જ મંત્રમાં બોલ્યા છે यच्चान्यत् त्रिकालातीतं तदपि ओम-



कारमेव જે ત્રિકાલાતીત ૐ છે તે પણ છે એમ સ્પષ્ટતા કરી છે. કાલ તો પછીનું સર્જન છે એટલે પરમાત્મા કાળનો વિષય, કાળનું ક્ષેત્ર નથી. સાધારણ મનુષ્યને પણ સમજાય એટલે ભગવાન બોલ્યા છે "પહેલાં પછી અને છેલ્લે" બાકી તો બ્રહ્મમાં પહેલાં, પછી અને છેલ્લે એવી અવસ્થા હોતી જ નથી. એટલે જ ગણપતિ અથર્વશીર્ષમાં મંત્ર છે त्वं देहत्रया-तीतः त्वं कालत्रयातीतः તમે જ સ્થૂલ સૂક્ષ્મ અને કારણાદિ દેહોથી વિલક્ષણ છો અને વળી તમે ભૂત ભવિષ્ય વર્તમાનથી પણ પર છો.

"તમને મળેલા પ્રકાશ માટે ઈશ્વરનો આભાર માનવાનો સૌથી સુંદર માર્ગ એકજ છે.-અંધકારમાં રહેલા કોઇ તરફ સહાયનો હાથ લંબાવવાનો."

—હેલન કેલર

# વિચારોની શક્તિ

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

માણસના વિચારો ચંચળ-બળત્તર અને અગોચર છે. વિચારોમાં આકાશની અગાધતા, સૂર્ય કિરણની ગતિ અને અણુબૉંબની શક્તિ રહેલી છે. વિચારો આશ્ચર્યજનક ઘટનાઓનું સર્જન-વિસર્જન કરે છે, ખંડન અને મંડન કરે છે, ક્રાંતિ અને શાંતિ ઉદ્ભાવે છે.

જો માણસ પોતાના વિચારોને કેળવે, એકાગ્ર કરે તો તે વ્યક્તિ બીજા માણસની સામે જોઈને, તેના વિચારોને પણ પારખી શકે છે, આખા જીવનને જાણી શકે, જીવનના વિવિધ પાસાંઓને કહી શકે, જીવનના ઉત્તરાર્ધ-પૂર્વાર્ધ, મૃત્યુ-દિનાંક સ્થિતિ કે સ્થાન પણ સમજી શકે છે. વિચારો ભવિષ્યમાં બનવાની ઘટનાની પણ જાણ કરી દે છે. પાડોશી કે મિત્રના જીવનમાં આવી પડનારી આફત કે આનંદની પણ જાણ કરે છે.

કેળવેલા વિચારો હવામાં, અમુક મર્યાદામાં, અમુક વર્તુળમાં તરતા રહે છે, એક માધ્યમ બનાવે છે. આ મર્યાદામાં આવનાર સૌ કોઈ પોતાના વિચાર-સ્વભાવને ભૂલી જાય છે. ઋષિ મુનિઓના આશ્રમમાં સિંહ અને મૃગ, સાપ અને મોર પોતાનું વ્યક્તિત્વ અને સ્વભાવને ભૂલી બેસી રહે છે. કારણકે વિચારો એક વાતવરણ જન્માવે છે.

વિચારોમાં રહેલી અશુદ્ધતા-વાસના પણ એટલી જ પ્રબળ હોય છે. આવા વિચારો હવામાં માનવ-આકૃતિઓ પણ રચે છે. જેને લોકો 'ભૂત' કે 'પ્રેત' જેવા અશરીરી માનવ તરીકે ઓળખે છે. વિચારો મૃત્યુ પામતા નથી. શુદ્ધ કે અશુદ્ધ વિચારો અમુક સમય સુધી જીવંત રહે છે. એનું



આયુષ્ય લાંબું હોય છે.

વિચારોની શક્તિનો આધાર તેના વિચારકના વાચન, મનન, ખોરાક અને તપ પર છે. સાત્વિક વિચારકના વિચારો પવિત્રતા ઊભી કરે છે. વાતાવરણમાં શુદ્ધતા પ્રગટાવે છે.

વિચારો એક વ્યક્તિ પર કેન્દ્રિત કરવામાં આવે તો તે વ્યક્તિ ઘણા માઇલો દૂર હોવા છતાં, તે જ સમયે તમારા આંગણામાં આવીને ઉભી રહે છે, અથવા વ્યક્તિ આંગણામાં આવી ગયા પછી તમારા વિચારો તેની સ્મૃતિ તાજી કરાવે છે. મગજમાં, મનમાં અધુરી રહેલી ગીત-પંક્તિઓ તમારા જ રેડિયાની સ્વીચ ઓન કરતા સાંભળવા મળે છે. 'અથવા શેરીમાં કે ગલીમાં પસાર થતી વ્યક્તિ તે જ ગીતની' પંક્તિને ગણગણતી સાંભળવા મળે છે, આવું નથી થતું શું ?

એકાગ્ર મનની પ્રાર્થના સફળ થાય છે આપણા યોગીઓ તો આંતર મન-ગૂઢ અંતર (ઈનર સ્પેઈસ્) ના સીમાડા સુધી પહોંચી જતા અને તે દ્વારા ઘણી વ્યક્તિઓને પોતાના ન હોવા છતાં 'દર્શન' આપતા. લોકોના માનસિક રોગો મટાડતા. અસાધ્ય રોગોને દૂર કરતા.

આપણા ઋષિઓ મન સાથે નાડીના ધબકાર, શ્વાસોશ્વાસ, હૃદયના ધબકાર પર પણ અંકુશ મેળવતા. વિચારોની શક્તિ અદ્ભુત છે.

અનિયંત્રિત ચિત્તવૃત્તિ ઘણા રોગોને જન્મ આપે છે. ગાંડપણ, ચિંતા, ભય, અપચો, ગેસ, હૃદયરોગ જેવા રોગો થાય છે. આથી વિચારો શુદ્ધ, સાત્વિક બનાવવા માનવ માટે અનિવાર્ય છે.

# જ્યાં વિજ્ઞાન સ્તબ્ધ બને છે!

કુમારિકા મધુરિકા

છેલ્લા દસકામાં વિજ્ઞાન એવી ઝડપી પ્રગતિ કરી રહ્યું છે કે તેનાથી આખીય માનવજાત આશ્ચર્યમુગ્ધ બની રહે છે. આપણાં રોકેટ ચંદ્ર સુધી પહોંચ્યાં છે; મંગળ શુક્ર અને શનિ સુધી પણ જાય અને અવકાશમાં કેટલે દૂર દૂર ઉડ્ડયનો હવે થશે તેની કલ્પના પણ આવે નહીં. વિજ્ઞાનની આટલી ભવ્ય સિદ્ધિઓ હોવા છતાં કેટલાક પ્રદેશો એવા છે કે જ્યાં વિજ્ઞાન આશ્ચર્યમુગ્ધ બને છે. બુદ્ધિ થંભી જાય છે અને કોઈ ઉકેલ સૂઝતો નથી. આ લઘુલેખમાં હું એવા થોડાક પ્રદેશોનો નિર્દેશ કરવા માગું છું.

રસાયણશાસ્ત્રનાં સૂક્ષ્મ સંશોધનો કરતાં વિદ્યુતઅણુઓ ઇલેક્ટ્રોન્સ અંતિમ સૂક્ષ્મતમ વસ્તુ તરીકે જણાયાં છે. તે પ્રોટોનની આસપાસ એક સેકંડમાં ૧૦૦૦ કરોડ વાર ફરે છે. અને તેમાં ૧૩ લાખ ૪૦ હજાર ગનપાવડરના બેરલ જેટલી શક્તિ ભરી છે. આ શક્તિ ક્યાંથી આવી અને વિદ્યુતકણમાં આ ભયંકર ગતિ ક્યાંથી જન્મી તે પ્રશ્નનો વિચાર કરતાં વિજ્ઞાન થંભી જાય છે, આશ્ચર્યમુગ્ધ બને છે.

વિશ્વની કાળગણના પણ આપણને આશ્ચર્યમુગ્ધ કરે છે. આપણી પૃથ્વી કેટલા વર્ષથી જન્મી તેનો કાળ વૈજ્ઞાનિકો વધારતા જ જાય છે. છેલ્લી ગણના ૪ કરોડ વર્ષની છે. વળી વિશ્વ કેટલા વર્ષથી ચાલી રહ્યું છે તેનો વિચાર કરતાં તો બુદ્ધિ ભમી જાય તેવું લાગે છે. કેટલાક તારાઓનાં તેજ હજી તો આપણે ત્યાં પહોંચ્યાં નથી! આકાશમાં પૃથ્વીથી



કરોડ × ૧૦ કરોડ માઈલ દૂરના તારાઓ છે!! અને આ તારાઓનાં માપ પણ બુદ્ધિને મૂંઝવી નાખે છે સૂર્ય પૃથ્વીથી ૩૩૦૦૦૦ ગણો મોટો છે સૂર્ય ઉપરના ભડકા ૫૦૦૦૦૦ માઈલ ઊંચે ઉછળે છે! પરંતુ આવા ૩૩૦૦ સૂર્યોને સમાવી દે તેવો મૃગશીર્ષ નક્ષત્રનો Betel guese (બાણુરજ) નો તારો છે. અને આવા ૩૦૦૦ સૂર્યોને સમાવે તેવો વૃશ્ચિકમાં જ્યેષ્ઠાનો તારો છે. આમ વિશ્વના ગ્રહો, તારાઓ, સૂર્યમંડળો અને નિહારિકાઓની કાળગણના માનવબુદ્ધિને સ્તબ્ધ કરી મૂકે છે. અને તેમના રાક્ષસી કદનો વિચાર પણ એટલા જ સ્તબ્ધ બનાવે છે.

જીવવિજ્ઞાન (બાયોલોજી)નો વિચાર કરીએ તો પણ એટલું જ આશ્ચર્ય થાય છે. વૃક્ષો મૂળિયાં વડે પાણી અને પોષણ કેમ ખેંચે છે, સૂર્યમાંથી પોષણ માટે પ્રકાશ ઝીલી તેનું કેવું રૂપાંતર કરે છે, તેનાં પાંદડાં પ્રકાશ ખેંચવા કેવા અનેકવિધ ઘાટ સર્જે છે, આંબાના ગોટલાની આસપાસ જે મિષ્ટ કોટલું હોય છે તે પક્ષીઓને લાંચ આપી તેનાં બીજ દૂરદૂર લઈ જઈ જાતિસંરક્ષણ ( Preservation of race ) નો કેમ પ્રયત્ન કરે છે; કેટલીક શિકારી વનસ્પતિઓ હોય છે. જેમ કે મક્ષિપાશ અને સન ડયુ વગેરે. તે પણ આશ્ચર્યકારક છે. આવી બુદ્ધિ તેમનામાં કોણે મૂકી? માનવદેહ-ઘટના પણ એક વિચિત્ર સમસ્યા છે. એક સૂક્ષ્મ બીજમાંથી ડાર્વિન, આઈન્સ્ટાઈન, ન્યૂટન કે શેક્સપીઅર જન્મે અને ઊંધા છાલિયા જેવડા મગજવાળો માનવી સૂર્યમંડળોનો, નિહારિકાઓનો અને વિશ્વરહસ્યોનો વિચાર કરે તે ઓછું અદ્‌ભુત નથી. માનવીના હાથ-પગ જેવા ઉચ્ચાલન કોઈ યંત્રશાસ્ત્રી શોધી શક્યો નથી. મનુષ્યના જઠરમાં અન્ન જાય છે. તેના ઉપર એસિડની ઝાલકો વાગે છે અને જ્યારે તે અન્નનું સ્વ-

રૂપ બદલાઈ પકવ બને છે ત્યારે પકવાશયની આગળનો પડદો આપોઆપ ઉઘડે છે. અન્ન પકવ થયા પહેલાં ઉઘડતો નથી. આ ઘટના કોણ કરે છે અથવા કેવી રીતે થાય છે તે અદ્ભુતતાભર્યું રહસ્ય છે. રૂધિરાભિસરણ વગેરે માનવદેહની અનેક પ્રક્રિયાઓ આશ્ચર્યમુગ્ધ કરે છે.

આ વિશ્વનો વિચાર કરતાં તેમાં જે Law ( અખંડ નિયમ ), Order ( અનુક્રમ ) અને Beauty ( સૌંદર્ય ) પ્રવર્તે છે તે પણ આપણને આશ્ચર્યમુગ્ધ કરે છે. ગ્રહો પોતાની એક જ ધરી ઉપર નિયમિત રીતે ફર્યા જ કરે છે. કોઈ ગ્રહ થાકતો નથી, થંભી જતો નથી, ' કેઝ્યુઅલ ' રજા ઉપર ઊતરતો નથી. લાખો વર્ષથી થાકયા વગર પોતાના નિયમો પાળે છે. મંગળ એક દિવસ ફરતો અટકી જાય તો ગુરૂત્વાકર્ષણ ( સૂર્યમંડળનું ) અસમતોલ બને અને ગ્રહો સામસામા અથડાઈ તેમનો ભુક્કો થઈ જાય. તેવી જ રીતે ઈતર સૂર્યમંડળો સાથે આપણા સૂર્યમંડળનો સંઘર્ષ થતો નથી અને અબજો વર્ષથી વિશ્વમંડળ નિયમિત રીતે ચાલ્યા કરે છે. ગ્રહો વચ્ચેના અંતરો અને ધરી ઉપર ફરવાનો કાળ પણ નિયમિત જ હોય છે. મહાત્મા ગાંધી કહે છે તેમ—" if there is law in the universe, there should be a law-giver. " આ વિશ્વમાં જો નિયમ હોય તો તે નિયમોનો ઘડનાર કોઈ હોવો જોઇએ. આ વિશ્વ યંત્રવત્ ચાલે છે એમ તો કહી શકાય નહીં, કારણકે યંત્રોને ચલાવનાર કે રચનાર તો કોઈ હોય છે જ. સ્વયંસંચાલિત રોકેટો ભલે ચંદ્રલોક સુધી કે તેની પાર જાય પણ તેના સર્જનારા તો કોઈ છે જ. આવા વિરાટ નિયમબદ્ધ ચાલનારા, અગમ્ય, અગાધ વિશ્વનો સર્જનાર કોણ ? તે વિચારે વર્તમાન વિજ્ઞાન થંભી જાય છે.

આ પૃથ્વી ઉપર હવાનું એક વાતાવરણ છે. એ વાતા-



વરણમાં જ માનવી અને પશુ-પંખી જીવી શકે. જેમ ચોમાસામાં સંખ્યાબંધ નાનાં જંતુઓ જન્મે છે તે વાદળવાળા વાતાવરણમાં જીવી શકે છે; પરંતુ શરદ ઋતુનો—આસો માસનો તાપ શરૂ થતાં તે બધી જીવાંત નિરભ્ર આકાશના સૂર્યતાપથી નાશ પામે છે. તેમ પૃથ્વી પરનું રૂના પોલ જેવું વાતાવરણ જો પાતળું પડે તો માનવી ગરમીથી મરી જાય અને તે વાતાવરણ જો ઘાટું થાય તો માનવી-માનવજાત ઠંડીથી મૃત્યુ પામે. આ વાતાવરણને માનૂવજાતિ જીવી શકે તેવું અખંડ જાળવનાર કોઇ શક્તિ હોવી જોઈએ. ત્યાં વિજ્ઞાન થંભી-અટકી જાય છે. વળી પૃથ્વી પરના વાતાવરણમાં ઓક્સિજન, નાઈટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ અમુક પ્રમાણમાં રહે છે. જો વૃક્ષો કાર્બનડાયોક્સાઈડ ચૂસતાં ન હોય તો વાતાવરણ ઝેરી બની જાય અને સમસ્ત માનવજાતિ નાશ પામે. ઓક્સિજન અને કાર્બન-ડી. ની આવી સમતોલ રચના કઈ રીતે થાય છે તે ઉકેલતાં વિજ્ઞાન હારે છે—મુગ્ધ બને છે.

વિજ્ઞાનનો સામાન્ય નિયમ એ છે કે Cold Contracts and heat expands. પરંતુ આમાં એક અપવાદ પાણીનો છે. પાણી ઠરે-બરફરૂપે થાય ત્યારે વધુ જગા રોકે તે. અને તેને ગરમી લાગે ત્યારે સંકોચાય છે. આ અપવાદ ન હોત તો બહારથી ઠંડી લાગતાં બરફના ઘન કટકાઓ સમુદ્રને તળિયે જાત અને તેના ઉપલા થરને પણ પોતાની ઠંડીથી બરફ બનાવી દેત, ટૂંકમાં શિયાળામાં આખી પૃથ્વીના મહાસાગરો તળિયાથી તે માથા સુધી બરફમય બની જાત. આખી પૃથ્વી થીજી જાત અને માનવી, પશુ, પંખી, જળચરો એ સર્વનું હિમમૃત્યુ ( Cold death ) થાત, અત્યારે ઉત્તર ધ્રુવમાં ઉપલી સપાટીએ માઈલો સુધી બરફ વિસ્તરેલો હોય છે. પણ નીચે ઉષ્ણુજળ રહેલું હોય છે માનવજાતિને જીવતી

શાખવા આ અપવાદ પાણીની બાબતમાં થયો લાગે છે. આવો અપવાદ કરનાર કોઈ ચૈતન્યયુક્ત વિરાટ બુદ્ધિશાળી સત્ત્વ હોવું જોઈએ તેમ અનુમાન થાય છે. પાણીની બાબતમાં Cold expands એવો હેતુપૂર્વકનો અપવાદ કરનાર કોણુ હશે એ વિચારે વિજ્ઞાન સ્તબ્ધ થઈ જાય છે.

વિશ્વનું ઘટક તત્વ Matter energy છે કે Mind છે- એ કોયડો વૈજ્ઞાનિકોને અત્યારે મૂઝવી રહ્યો છે. સર જેઇમ્સ જીન્સ કહે છે કે ' આ વિશ્વ વિચાર અથવા સંકલ્પ જેવા તત્ત્વનું બનેલું છે ' ઓલિવર લોજ જેવા એમ કહે છે કે ' મેટર ' વસ્તુતઃ ' એનર્જી ' નું ઘનીભૂત સ્વરૂપ માત્ર છે. એટલે કે આ જગત કોઈ શક્તિપ્રવાહનું બનેલું છે. વિચારનું જગત બન્યું હોય તો સંકલ્પ કરનાર કોઈ સજીવ તત્ત્વ હોવું જોઈએ. જો આ વિશ્વ શક્તિપ્રવાહ ( flow of energy ) હોય તો એ શક્તિને વહેતી કરનાર કોઈ તત્ત્વ હોવું જોઇએ. આવા સંકલ્પ કરનાર કે આવી શક્તિ ફેલાવનાર તત્ત્વ કયું તેની શોધ કરતાં વિજ્ઞાન આશ્ચર્યમુગ્ધ બને છે–સ્તબ્ધ બને છે.

માનવજાતિના મનનું કેવું સ્વરૂપ છે, તે ક્યાં રહેલું છે, વ્યક્તિગત મન કેમ જુદું જુદું હોય છે, જુદા જુદા પદાર્થો તરફ તેની દોડ શા કારણે થાય છે, તે મન કવચિત શાંત તો કવચિત ઉછળતું કેમ રહે છે, મન કદી સન્માર્ગે તો કદી કુમાર્ગે કેમ ધપે છે; આ મનને પ્રેરનાર તત્ત્વ કયું ? કોઈનું મન શક્તિશાળી તો કોઇનું મન જડ કેમ હોય છે ? દરેક વ્યક્તિના મનમાં વલણો શા માટે ભિન્ન હોય છે, વગેરે પ્રશ્નોનો વિચાર વિજ્ઞાન કરી શકતું નથી, ત્યાં થંભી જાય છે.

આપણે આઈનસ્ટાઈનના એક અવતરણથી, આવા જ બીજા અનેક પ્રશ્નોને પડતા મૂકી. આ લેખ પૂરો કરીએ.



" There is no mystery of this physical world which does not point to a mystery beyond itsself. All High roads of intelect, all byways of iheory lead ultimately to an abyss that human ingenuity can neaer Span..... He ( Man ) does not understand the vast veiled universe into which he has been cast ebecause he does not understand himself "

" તમે પોતે અંધ જેવા છો એવું તમને લાગવા માંડે ત્યારે સમજજો કે હવે તમે પ્રકાશને માટે તૈયાર થવાની શરૂઆત કરી છે. "

—શ્રી માતાજી

# તું તારો ડોકટર થા. [ત્રીજો હપ્તો]

શ્રી બચુભાઇ છોટાઇ

અગાઉના બે લેખોમાં આપણે શરીર વિષેની થોડી માહિતી મેળવી છે. હવે પછી આપણા જીવન માટે ઉપયોગી બાબતોનો થોડો વિચાર કરીએ. આપણાં શારીરિક, માનસિક દર્દો અથવા રોગો શું છે, તે પહેલાં જાણીએ. આ જાણવા માટે શરીરશાસ્ત્ર, જીવશાસ્ત્ર, આહારશાસ્ત્ર ને ઔષધિશાસ્ત્ર શીખવા પરદેશ જવાની જરૂર નથી, જે શીખવાનું છે, જેના માટે શીખવાનું છે, તે તો અહિંયા જ છે.

## આપણું શરીર એક યંત્ર કે લેબોરેટરી છે

માનવયંત્ર માટે શક્તિની, ઘસારાની, બાંધાની, ટકાઉપણાની કાળજી લેવાય છે. આને નિદાન કહો કે પછી ડાયોગનાઇઝ કહો કે પછી ગમે તે રીતે જે કહેવું હોય તે કહો, આથી માનસિક સંતોષ સિવાય કંઈ જ નથી. પછી તે ભૂત ભૂવાનું નિદાન હોય કે પછી મોટા મોટા નામધારી દાકતરોનું નિદાન હોય. દિવસે દિવસે નિદાન મુશ્કેલ થતું જાય છે. જો તમે જાતે જ થોડું વિચારો તો નિદાન ઘણું સહેલું બની જાય છે. આ માટે જી—એટલે જીવન, શ—એટલે શક્તિ, અને બ-એટલે બાધા, ઘ—એટલે ઘસારો, આટલું જો જાણતા થઈએ, તો લાખો નહિ પણ કરોડો લોકોના નિદાન થયા છતાં, રોગ મુક્ત થવાનું કારણ તો બાકી જ રાખવામાં આવે છે, અથવા સમજાતું ન પણ હોય. આ બધું સમજવા જાણવા અમલ કરવાનો જ વિચાર હવે કરીએ તો આરોગ્ય ક્ષેત્રે આપણે સ્વાવલંબી થઈ શકીએ. આજે દુનિયાના બધા



દેશો ઇચ્છે છે પણ અમલમાં મૂકવાનું કામ અઘરૂં છે. એવું કહે છે. આપણે જીવન, શકિત, બાધા, ઘસારો શું છે, તે જાણીએ.

આપણું શરીર પંચતત્વોથી બનેલું છે, તેનું સંચાલન પંચતત્વમાંના પદાર્થોમાંથી જ થાય છે. તુટફુટ, સાંધવું, જોડવું આ બધું આપણું શરીર જાતે જ કરવાને શકિતમાન છે. આપણે તેમાં તેના કામમાં હરકત કે બાધા નાખવી ન જોઈએ. તો જ કુદરત પોતાનું કામ સારી રીતે હરકત વગર કરી શકે. આપણી કેટલીક બાબતો કુદરતી રીતે જ ચાલતી હોય છે. તેમાં અડચણો આપણે જ ઊભી કરીએ છીએ, અને તેમાં જાતજાતની અડચણો નાખીએ છીએ. જેને લોક ભાષામાં ટેવ, આદતો કહેવાય છે. ઘણાનો અનુભવ છે કે મિત્રોને ત્યાં, સગાને ત્યાં, હોટેલોમાં કે લગ્ન પ્રસંગોમાં આપણું પેટ ભરેલું હોય છતાં બીજાને દુઃખ લાગશે, માટે તેનું મન સાચવવા થોડું થોડું કંઈક ને કંઈક પેટમાં નાખતા જ જઈએ છીએ, અને તેથી લાંબા ગાળે મશીન બગડે, અપચો થાય, કબજીયાત થાય, શરીર ભારે થાય. આમ કેટલીક અડચણો આપણે જાતે જ કહેવત મુજબ પેટ ચોળીને પીડા ઊભી કરીએ છીએ. આ થઈ માનવ યંત્રની ટાંકી, પેટની વાત. પણ તમે તમારી મોટર લઈને ફરવા જાવ તો જો પેટ્રોલ ખલાસ થાય તો એક જ જગ્યાએથી પેટ્રોલ લેશો. બીજા ઘણાએ પેટ્રોલ પંપો આવે. તમારા મિત્રોના, હોય કે સગાના હોય, તો પણ તમે ગાડીમાં પેટ્રોલ નથી નાખતા, તેથી તેમને કાંઈ ખોટું લાગશે એવું માનો છો ખરા? નહિ જ. હવે આ સમજ્યા પછી, તમારા પેટની પણ કાળજી રાખો તો કેવું સારું!

## જી. શ. બા. ઘ ની સમજણ

રોગ મટાડવા જીવન શક્તિ ની જરૂરત પડે છે, એવું

દુનિયાની બધી ઉપચાર પદ્ધતિઓનું માનવું છે. આ જીવન શક્તિ શું છે ? શામાંથી મળે છે ? કેમ જાળવવી વગેરેની સમજણ જરૂરી છે. દા. ત. આપણે કોઇ મશીન ખરીદવું હોય તો તેનું ટકાઉપણું જોઈએ છીએ પછી તેની શક્તિ H.P હોર્સ પાવર તપાસીએ છીએ. આ બે બાબત એન્જીનીયર તપાસે છે, પછી મશીન ખરીદે છે, પણ માનવશરીર (યંત્ર) તો સ્થિતિસ્થાપક ને વળી જાય તેવું છે. એટલે સમજીને આપણી ટાંકીમાં ભાર વધારે ન નાખવો. આપણે આપણી અંદર તરફ થોડી નજર કરીએ. યંત્રોનો આહાર, પેટ્રોલ, ઇલેક્ટ્રીક કરંટ, ગેસ અગ્નિ પાણી પ્રેશર વગેરે છે. તેમ મનુષ્યનો આહાર શું ? આ મહત્ત્વનો પ્રશ્ન છે. એક દીવો છે. તેમાં વાટ અને તેલ, ઘી જોઈએ. જો ઘી કે તેલ ન હોય તો વાટને સરકાવીએ વાટ બળી જાય છતાં પ્રકાશ ઓછો ઓછો થતો જાય છે. અને જો ઘી કે તેલ પુરવામાં આવે તો વાટ બચે છે અને પ્રકાશ પણ વધે છે. પણ જો તેલમાં કે ઘીમાં પાણી હોય, કચરો હોય તો વાટમાં બાધા પડે છે. ધૂમાડો થાય ને તડતડ અવાજ પણ આવે. આ પરથી માનવ શરીરને છે જે આહાર જરૂરી છે તે આહાર કેવો જોઇએ, કેટલો લેવો, ક્યારે લેવો, ક્યાં લેવો આ બધું જીવન માટે જાણવું જરૂરી છે. જેથી આપણે આપણું આરોગ્ય સારી રીતે જાળવી શકીએ.



# यद्‌यदाचरति श्रेष्ठ !

—શિબિરાર્થી

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ અમદાવાદ ખાતે તા. ૧૫-મે થી ૨૧-મે ૧૯૮૧ સુધી યોજેલ ધ્યાન સાધના શિબિરમાં સાધકોને કેટલાક સારા નિયમો સ્વેચ્છાએ સ્વીકારવાનો અનુરોધ કર્યો. નિયમોના પાલનથી સાધકનું મનોબળ અને નિશ્ચયબળ કેળવાય છે. આ માટે તેઓશ્રીએ સૂચવેલ નિયમોના વિવિધ વિકલ્પો આ પ્રમાણે હતાઃ

૧ દરરોજ વહેલા ઊઠો. હાથ મોં ધોઈ ધ્યાનમાં બેસી જાઓ. જપ ને પ્રાર્થના કરો. સવારે, સાંજે કે જ્યારે પણ સમય મળે ત્યારે ભગવાનના જપ કરવાની ટેવ પાડો. ઓછામાં ઓછો અડધો કલાક એક સાથે બેસો.

૨ રોજનીશી લખો. તમારા સ્વભાવ ને વર્તનનું નિરીક્ષણ કરો. રાતે સૂતાં પહેલાં દિવસમાં કરેલ કામોનું વિહંગાવલોકન કરો. જીવનમાં સારું હોય એને પુષ્ટ કરવા પ્રયત્ન કરો ને ખરાબ હોય એને દૂર કરવા પ્રયત્નશીલ બનો.

૩ કોઈ પણ પ્રકારના વ્યસનથી મુક્ત બનો. ચા, કોફી, પાન, બીડી, સીગારેટ કે તમાકુ.

૪ સાદું ભોજન જમો, કે દિવસમાં એકવાર ભોજન કરો.

૫ પોતાના ઇષ્ટ મંત્રના અમુક જપની માળાઓ કરવાનો નિયમ લો.

૬ અઠવાડિયામાં અમુક દિવસ મૌન રાખો. અગર તો દિવસના અમુક કલાક મૌન પાળો.

૭ મન બગાડે તેવાં ચલચિત્રો ન જોવાનો સંકલ્પ કરો.

૮ ગીતા, મહિમ્ન કે વિષ્ણુસહસ્રનાં સ્તોત્રોનો પાઠ કર-

વાનો નિયમ લો.

પૂજ્યશ્રીના આ સૂચનોનો અમલ તો શિબિરમાં આવેલા કેટલાક સાધકોએ બીજા જ દિવસથી કરવા માંડયો.

પોતાના નિયમ પાલન અંગે તેઓ પ્રસંગોપાત કહેતા કે સવારે મારે એટલું કામ રહે છે કે શિબિરમાં આઠ વાગે હાજર થતાં પહેલાં, મને દૂધ પીવા જેટલોય સમય રહેતો નથી.

સવારના ધ્યાન, જપ, વ્યાયામ, ગીતાપાઠ વગેરે ઉપરાંત શિબિરમાં નવ કલાકની હાજરી, રામચરિત માનસના કાવ્યાનુવાદમાં ત્રણેક કલાકનો સમય, ઉપરાંત સો જેટલી મંત્રજપની માળાઓ. આ બધામાં કેટલો બધો સમય જાય ? આમ છતાં, જ્યાં સુધી એ નિત્ય-કાર્ય કર્મ-પૂરાં ન થાય ત્યાં સુધી હું કદી રાતે સૂતો નથી. કેવું અદ્દભુત નિયમબદ્ધ જીવન !

વળી તેઓ કહેતા કે જેમણે કોઈપણ પ્રકારનો ત્યાગ કર્યો છે, એમની જવાબદારી ઓર વધી જાય છે. એમણે પોતાના અંતિમ ધ્યેયને હંમેશ યાદ રાખવું જોઈએ એની દિશામાં રોજ કેટલા આગળ વધાય છે, તે પણ તપાસતા રહેવું જોઈએ.

પૂ મા શ્રી સર્વેશ્વરી પોતાની સાથે રહેવા આવ્યા પછી તેઓની આત્મિક પ્રગતિ થતી રહે તે માટે તેઓએ કહ્યું કે "વહેલી સવારે ત્રણેક વાગે હરિ ૐ ના મંત્રોચ્ચારથી હું તેમને જગાડું છું ને ધ્યાનમાં બેસવા કહું છું. કદીક સ્વાસ્થ્ય સારું ન હોય તો થોડી છૂટછાટ મૂકું, બાકી નિયમનું પાલન થવું જોઈએ." પ્રમાદી મન હંમેશા છટકબારી શોધતું રહે છે ને કંઈ ને કંઈ બહાનાં કાઢે છે. એટલે એ જ્યારે ભૂલ કે ક્ષતિ કરે ત્યારે એને થોડી શિક્ષા કરવાનો આગ્રહ રાખશો તો તે સીધું ચાલશે ને પછી સાધનામાં સાથ આપશે.



પોતાના વિષે તેઓશ્રી કહેતા, "મારે કશું જ સાધન-ભજન કરવાની હવે જરૂર નથી. પરંતુ પ્રભુએ સમય આપ્યો છે, તેને નિરર્થક વાતોમાં કે પાનાં રમવામાં થોડો વેડફી નખાય ? એટલે બને તેટલું વધુ પ્રભુસ્મરણ કરું છું. જેટલું વધારે થાય તેટલું સારું છે જ. વળી લેખન તેમ જ પ્રવચનો વગેરે લોકસંગ્રહની ભાવનાથી જ કરું છું વળી પ્રભુએ મને જે અનુભૂતિ કરાવી છે, જે બુદ્ધિ ને લેખનશક્તિ આપી છે, તેનો ઉપયોગ સમાજ માટે આજની અને ભવિષ્યની પેઢીઓ માટે યજ્ઞભાવથી પ્રેરાઈને કરું છું. બાકી હું તો आत्माराम છું आत्मतृप्तः છું મારે કશાની જરૂર નથી.'

"હું માનું છું કે શ્રેષ્ઠ માણસો જે જે કરશે, તેને જ સામાન્ય લોકો અનુસરશે. આથી બીજાઓને પ્રેરણા પૂરી પાડવા પણ મારે ભાગે આવતા સાહજીક કામો હું અનાસક્તભાવે કર્યા કરું છું.

પૂ. મા સર્વેશ્વરી પણ કેટલાંય વ્રતો ને અનુષ્ઠાનો કરે છે. રામચરિત માનસના પાઠો પણ કરે છે. રોજનીશી લખવાનો નિયમ કર્યો છે, ત્યારથી તે પૂરી લખાઈ ન જાય ત્યાં સુધી રાતે કદી સૂતાં નથી. પછી ભલે રાતના બાર વાગે.

આમ નિયમોના પાલનથી જ સાધકના જીવનનું ઘડતર થાય છે એથી જીવનમાં સારા નિયમોનું અમલીકરણ આવશ્યક છે.

# પ્રાર્થના સંભળાય છે.

જ્યોત્સ્નાબેન એસ. મહેતા

૧૯૬૧ની સાલનો આ પ્રસંગ છે.

અમે પતિપત્ની બે બાળકો સાથે, જૂનાગઢ ને વીરપુરની યાત્રાએ જવા નીકળ્યાં. અમારી આર્થિકસ્થિતિ સાવ સાધારણ. એટલે પાસે જરૂરત જેટલી જ રોકડ રકમ હતી.

વીરપુર પહોંચતાં રસ્તામાં ટ્રેઈનમાં અમે જલારામ બાપાના ઘણા ચમત્કાર સાંભળેલા. એમાં એક પ્રસંગ એવો હતો કે કેટલાક ભક્તો વીરપુર દર્શને આવી રહ્યા હતા, રાત અંધારી હતી ને તેઓ રસ્તો ચૂકી ગયા. કેમે વીરપુર આવે નહિ. એટલે બાપાને પ્રાર્થના કરવા લાગ્યા. ત્યાં તો એક ડોસા જેવા માણસ આવ્યા ને તેમને છેક વીરપુર સુધી પહોંચાડી ગયા

અમે પણ વીરપુરમાં બાપાનો પ્રસાદ જમ્યા ને યથાશકિત ભેટ મૂકી પછી સ્ટેશને આવ્યાં. અમારે સાડાત્રણ ટિકિટ લેવાની હતી પરંતુ યાત્રામાં ધાર્યા કરતાં થોડો વધુ ખર્ચ થઈ ગયેલો એટલે માત્ર ત્રણ ટિકિટના જ પૈસા બચેલા. આથી ત્રણ ટિકિટો જ લીધી. નાના પાંચ વર્ષના બાબાની ટિકિટ લઈ શકયાં નહિ.

ટ્રેઈન આવી એટલે બેઠાં તો ખરાં, પણ મનમાં ટિકિટ ન લેવા બદલ ક્ષોભ થતો ને ટિકિટચેકર આવશે તો શું થશે, તેની બીક પણ લાગતી. આથી મનમાં પ્રભુને તેમ જ બાપાને પ્રાર્થના કરવા લાગી.

‘ પ્રભુ અમારી લાજ રાખજો. જો જો રસ્તામાં અમારી ફજેતી ન થાય. અડધે રસ્તે જો અમને કોઈ સ્ટેશને ઉતારી



મૂકશે તો રાતના વખતે અમે કયાં જઈશું ? આર્તભાવે ભગ-
વાનને અને બાપાને હું પ્રાર્થના કરતી રહી.

જીવનમાં કેટલીય વાર એવું બને કે જેનાથી ડરીએ એ
સામું જ આવે. અમારે પણ એવું જ થયું. વીરપુર છોડયાને
કલાકેક થયો હશે કે ટિકિટચેકર આવ્યો. તે ટિકિટ માગે
તે પહેલાં જ ત્રણ ટિકિટ બતાવી સામેથી જ કહી દીધું કે પૈસા
ન હતા. એટલે અડધી ટિકિટ લીધી નથી, આ સાંભળી ટિકિટ-
ચેકર ભારે ગુસ્સે થયો. તેણે દંડ ભરવો પડશે વગેરે કહી
ધમકી પણ આપવા માંડી.

આમ કહી તેણે પોતાનો ગુસ્સો ઠાલવ્યો. તે પછી મારા
પતિએ ખૂબ નમ્રભાવે શાન્તિથી ટિકિટચેકરને કહ્યું, “ ભાઈ,
અમે કોઈ ચોર લૂટારા નથી, તેમ જ વગર ટિકિટે મુસાફરી
કરનારા પણ નથી. એમ હોત તો ત્રણ ટિકિટ જ શું કરવા
લેત ! યાત્રામાં પૈસા ખૂટી ગયા એટલે જ અમે. અર્ધી ટિકિટ
લઈ શકયા નથી. એનો અમનેય ક્ષોભ થાય છે. પરંતુ ભાવ-
નગર પહોંચીને હું રેલ્વેસ્ટેશને ટિકિટના પૈસા જરૂરથી પહોંચાડી
દઈશ ”.

આ સાંભળી તે થોડો ઠંડો પડ્યો, પરંતુ ઊતરતાં કહેતો
ગયો, “ ભાવનગર સ્ટેશને ઊતરી તુરત મને મળજો, ત્યાં
તમારી કાર્યવાહી કરવામાં આવશે. ”

મેં તેમનો ભાવનગર સુધી પહોંચવા દેવા બદલ આભાર
માન્યો.

સવારે ૬ વાગે ભાવનગર પહોંચ્યા. ત્યારે મારા પતિએ
મને તથા બાળકોને પ્લેટફોર્મ પર એક જગાએ ઊભા રહેવા
કહ્યું ને તેઓ ટિકિટ ચેકરને મળવા ગયા. તેમને કહ્યું :
‘ સાહેબ, મારું કુટુમ્બ પ્લેટફાર્મ ઉપર બેઠું છે. હું એક
ટિકિટ આપી બહાર જાઉં છું ને આપ કહો તે રકમ દંડ

સાથેની, ઘરેથી લાવી. આપને આપી એમને બહાર લઈ જઈશ.

પરંતુ આ વખતે ટિકિટ ચેકરનો વ્યવહાર એકદમ બદલાઈ ગયો. તેણે મારા પતિના વાંસા ઉપર હાથ મૂકી પ્રેમપૂર્વક કહ્યું, "તમે તમારા કુટુમ્બ સાથે ઘરે જાઓ, તમારી ભાવના ખરેખર સાચી છે. મને ખાત્રી થઈ ગઈ છે કે તમે ક્યારેય વગર ટિકિટે મુસાફરી નહિ કરતા હો."

આ વાત મારા પતિએ અમને કરી ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયાં! પ્રભુની કૃપા કેવી અદ્ભુત છે, કેવો કરુણાસાગર છે, એની અમને પ્રતીતિ થઇ ગઈ. પ્રભુ અને એના સંતો માણસના મનને કેવું ફેરવી નાંખે એ અમે પ્રત્યક્ષ નીહાળ્યું. તે પછી અમે નક્કી કર્યું કે પૂરતા પૈસા વિના કદી પ્રવાસે જવું નહિ. કે જેથી આવી નાની ક્ષુલ્લક બાબત માટે પ્રભુને પ્રાર્થવા ન પડે!

હરેક માનવીના અંતર સમક્ષ ભગવાને બે પસંદગી મૂકેલી હોય છે: સત્ય અને આરામ. આપણને બેમાંથી જે ગમે તે પસંદ કરી શકીએ છીએ—પણ બેઉ તો કદી ન મળી શકે.



# સીતાનું સ્વપ્ન

યોગેશ્વર

[મહાત્મા શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે અને અનોખી ઢબે લખાયેલી સળંગ રામકથાનો આ ચોથો હપ્તો છે.]

સીતાને થયું તો ખરું જ કે જે રામ પર મારા પિતાને પ્રથમ દર્શને જ આટલો બધો પ્રેમ ભાવ થયો તે રામ કોઈ સાધારણ યુવક તો નહિ જ હોય. એમનું રૂપ અને એમના ગુણ ખરેખર અજોડ હશે. નહિ તો, એમની અસર મારા પિતાજી પર આટલી બધી થાય જ નહિ, અને એ આવી મમતા ભરેલી ભાષા પણ બોલે નહિ.

રામને જોવા માટે એના અંતરમાં આતુરતા તો થઈ, છતાં પણ ઉચિત અવસર ના આવે ત્યાં સુધી એ અંતરને શાંત રાખ્યા સિવાય છૂટકો પણ ન હતો. એટલે લાગણીના પ્રવાહને રોકી રાખીને એ બહારથી શાંત જ રહી.

આ રાતે લગભગ મધરાત પછી, એને સ્વપ્ન આવ્યું,

સ્વપ્નમાં દેવર્ષિ નારદ એની આગળ આવીને ઊભા રહ્યા. ગૌર શરીર, તેજસ્વી મુખમંડળ, કરુણાથી ભરપૂર, પ્રશાંત પ્રકાશમય નેત્રો, હાથમાં વીણા, પીતાંબર અને સુંદર ઉપવસ્ત્રથી ઢંકાયેલી કાયા, મસ્તક પર કાળા ભમ્મર કેશ તથા પગમાં પાદુકા.

"નારાયણ, નારાયણ, નારાયણ!
શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ!"

એમણે સુધાથી ભરેલા સુમધુર સ્વરે ગુંજન કર્યું.

સીતા જાણે કે ઝબકીને જાગી.

"અહો! આતો દેવર્ષિ નારદ, બ્રહ્માના માનસપુત્ર તથા સિદ્ધ ને

જીવન મુક્ત, સંતોના શિરોમણિ."

સીતાને ઓળખતાં વાર ના લાગી, કે પોતાની આગળ ઊભેલા મહાપુરુષ બીજા કોઈ નથી, પરંતુ દેવર્ષિ નારદ પોતે છે.

એણે આગળ વધીને એ સંત શિરોમણિ સુરગણુસેવિત મહાપુરુષને પ્રણામ કર્યા.

નારદજીએ સુમધુર સ્મિત કરતાં એનાં મસ્તક પર હાથ મૂક્યો ને કહ્યું :

"શુભં ભવતુ, મંગલં ભવતુ, કલ્યાણં ભવતુ."

આનંદના અતિરેકમાં સીતાએ મહાપુરુષને આસન આપીને સમુચિત રીતે સન્માનવાનું પણ ભૂલી ગઈ. એણે ભાવવિભોર બનીને કહેવા માંડ્યું :

"પ્રભુ ! આપનો આશીર્વાદ છે તો કલ્યાણ જ થશે. મને આપના વચનમાં વિશ્વાસ છે, પરંતુ મારા પિતાજી જરાક ચિંતાતુર બની ગયા છે."

"કેમ ?"

"તમે અંતર્યામી છો એટલે બધું જાણો જ છો. એમણે મારે માટે સ્વયંવરની યોજના ઘડી છે, અને એની તૈયારી કરી છે. પરંતુ એમનું મન દ્વિધામાં પડી ગયું છે."

"દશરથ પુત્ર રામને નિહાળીને એમના મનમાં ભાતભાતના વિચારો આવવા માંડ્યા છે, ખરું ને ?

હા એમનું મન રામ તરફ ખેંચાઈ રહ્યું છે."

"એમાં કશું ખોટું નથી. રામનું સ્વરૂપ જ એવું છે કે જે એમને જુએ છે તે એમના પ્રત્યે ખેંચાય છે. તને પણ હવે થોડા વખતમાં જ એનો અનુભવ થઈ રહેશે."



"મને પણ ?"

"હા તને પણ. સમસ્ત સંસાર જ્યારે એમના પ્રત્યે આકર્ષાય છે ત્યારે તું એમાં અપવાદરૂપ કેવી રીતે રહી શકે ! તને સવારે જ એમનો મેળાપ થશે તથા મારી વાતનો અનુભવ પણ થઈ રહેશે."

"પિતાજી તો એમની સાથે મારું લગ્ન કરવાની ઈચ્છા રાખે છે."

"એમાં ખોટું શું છે ? એ તારે માટે બધી રીતે યોગ્ય છે. તું એમને જોઈશ એટલે તારું હૈયું તારા હાથમાં નહિ રહે. તું એમને વરવાની ઈચ્છા કરીશ."

"પરંતુ શંકરના ધનુષ્યને એ નહિ ઉપાડે ત્યાં સુધી હું એમને નહિ વરી શકું."

"એની ચિંતા તું શા માટે કરી રહી છે ? ધનુષ્ય એમના કરતાં વિશેષ શક્તિશાળી છે, એવું ના માનતી."

"તો પણ......"

"તો પણનો પ્રશ્ન નથી. મેં જે કહ્યું છે તે બરાબર છે. રામ ધનુષ્યનો ભંગ કરશે તથા તું એમને વરમાળા પહેરાવશે એ નક્કી છે. મારા કથનમાં કશો ફેર નહિ પડે."

સીતા દેવર્ષિ નારદના તેજસ્વી મુખમંડળ તરફ જોઈ રહી.

એમનું કથન સાચું હશે કે ખોટું ? એ તો કેમ કહેવાય ? પરંતુ એણે ઉત્સુકતાપૂર્વક પૂછી નાખ્યું :

"મારું લગ્ન જીવન સુખી ને સફળ જશેને ?

નારદજીએ મધઝરતી મીઠી વાણીમાં કહ્યું :

"સફળ થશે, પરંતુ સુખી જ જશે એવું તો ના જ કહેવાય સુખ ને દુઃખ તો એક સિક્કાનાં બે પાસાં જેવાં છે. પ્રત્યેક દેહધારીને ઓછા કે વત્તા પ્રમાણમાં એનો અનુભવ કરવો પડે છે. કોઈ એમના-

થી સંપૂર્ણપણે મુક્તિ નથી મેળવી શકતું. પંરતુ હા એટલું ખરું કે દુઃખ તારે માટે સુખરૂપ જ બની રહેશે. તે તને તારી શ્રદ્ધા અને નિષ્ઠામાંથી નહિ ચળાવી શકે. તારું જીવન બીજાને માટે આદર્શરૂપ અથવા અનુકરણીય બની રહેશે. તું હવે કોઈ જાતની ચિંતા ના કરતી. મારા આશીર્વાદને અનુસરીને બધું સારું જ થશે."

સીતા કશુંક વધારે બોલે તે પહેલાં તો દેવર્ષિ નારદે એના મસ્તક-પર ફરીવાર હાથ મૂક્યો ને કહ્યુંઃ

"ઠીક ત્યારે, હવે હું રજા લઉં."

એને શ્રીમન્નનારાણ, નારાયણ, નારાણ" ના મધુમય ધ્વનિ સાથે એ વિદાય થયા.

"દેવર્ષિ નારનો જય હો ! કોઇએ ઉતાવળે ઉચ્ચાર કર્યો અને એની સાથે જ સીતાની આંખ ઊઘડી એનું સ્વપ્ન પૂરું થયું.



# ચક્રાસન પ્રકાર-૨

શ્રી મણિભાઈ શાહ




ચક્રાસનનો આ બીજો પ્રકાર છે. કરોડને આગળ-પાછળ વાળનાર આસન જેવાં કે, પશ્ચિમોત્તાનાસન ભુજંગાસન વગેરે છે. કરોડને વળ દઈ મરોડવાના આસન જેવાં કે વક્રાસન, અર્ધમત્સ્યેન્દ્રાસન વગેરે છે. આ આસન કરોડને બાજુ પર વાળે છે.

આ આસનમાં દેહની એક બાજુનો આકાર પૈડાની ગોળાઈ જેવો થતો હોઈ આને ચક્રાસન કહે છે.

આસનની રીતઃ-( ૧ ) બંને હાથ બંને પડખે સાથળ સાથે સીધા રાખી ટટાર ઉભા રહો.

( ૨ ) જમણો હાથ હવે પડખેથી ઊંચો કરી ખભા ઉપર ઊભો કરો અને આકાશ તરફ ખેંચીને ઊંચો કરો. જુઓ ચિત્ર નં-૧

( ૩ ) હવે ધીરધીરે શરીરને ડાબી તરફ વાળો અને જમણો હાથ પણ શરીર નમે તે દિશામાં ઊભોને ઊભો રાખી

નમાવો, સાથે સાથે ગોઠણુ નીચે ડાબો હાથ નીચે સરકાવતા જાઓ. જુઓ ચિત્ર નં-૨

( ૪ ) શક્ય તેટલું ડાબી તરફ શરીર વાળી થોડીકવાર તે સ્થિતિમાં થોભી જાઓ, પછી ધીરેધીરે શરીર સીધું કરી સૂચના ( ૨ ) ની સ્થિતિમાં આવી જાઓ અને જમણો હાથ પણ નીચે ઉતારી ઊભા રહો.

( ૫ ) હવે જેમ ડાબી તરફ શરીર વાળ્યું તેમ ડાબો હાથ ઊભો કરી જમણી તરફ શરીરવાળો.

બંને કોર એક એકવાર શરીરવાળીએ એટલે આસન પૂરું. બંને બાજુ પાંચ પાંચ વાર આ આસન કરવું. શ્વાસો-શ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો.

ફાયદા:—

( ૧ ) કરોડ સ્થિતિસ્થાપક થાય.


( ૨ ) કરોડના જ્ઞાનતંતુઓ સબળ થાય.

( ૩ ) શરીરના બંને પડખાની માંસપેશીઓ કાર્યક્ષમ ને મજબૂત થાય.

## સ્વસ્તિકાસન

સ્વસ્તિકાસન ધ્યાનનું આસન છે. સિદ્ધાસન અને પદ્મા-સનથી વધારે સહેલું છે. આ આસનમાં બંને પગના કાંડાની ચોકડી પડતી હોઈ સ્વસ્તિક જેવો આકાર ધારણ કરે છે તેથી આનું નામ સ્વસ્તિકાસન પડ્યું છે.






આસનની રીત: (૧) બંને પગ જમીન પર લંબાવી થોડા છેટા રાખી બેસો.

(૨) હવે જમણો પગ વાળી તેના પંજાનું તળિયું ડાબા સાથળના મૂળમાં પાની રાખી સાથળ સાથે લગાવી દો. જુઓ ચિત્ર–૧

(૩) હવે ડાબો પગ વાળી જમણા સાથળ સાથે તેવી જ રીતે ઉપરથી લગાવી દો અને અંગુઠા સિવાયના પગના આંગળાં સાથળ અને પીંડી વચ્ચે ભરવી દો. જુઓ ચિત્ર–૨

(૪) હવે જે જમણો પગ નીચે છે તેનો અંગુઠો પણ તે તરફના સાથળ અને પીંડી વચ્ચે નીચેથી ભરવી દો.

(૫) હવે બંને હાથની જ્ઞાનમુદ્રા કરી તે તે હાથ તરફના

ગોઠણુપર ગોઠવો અથવા તો ચતી હથેળી ઉપરાઉપર રાખી પદ્માસનની જેમ ગોઠવો.

(૬) બંને પાની નીચે જે ખાલી જગ્યા રહે છે તેમાં વૃષણુ ગોઠવાઈ જાય અને તેમની ઉપર કોઈ જાતનું દબાણુ ન આવે તેનું ધ્યાન રાખવું.

(૭) આંખો બંધ રાખો તેમ જ મસ્તક અને કરોડ સીધા ટટ્ટાર રાખો. જુઓ પદ્માસન વર્ષ ૨ અંક–૬

સૂચનાઃ-વધરાવળ થઈ હોય તેણુે આ આસન ન કરવું.

આ બધા સંતો, સંતો શીદને કહેવાય ? કારણુ કે જ્યારે મોઢું હસતું રાખવું મુશ્કેલ હતું ત્યારે એમણે હસતું મુખ રાખેલું, ધીરજ ધરવી મુશ્કેલ હતી ત્યારે એમણે ધૈર્ય રાખેલું, જ્યારે એમને વિસામો ખાવો હતો ત્યારે એમણે આગળ ધપ્યે રાખ્યું, બોલવું હતું ત્યારે મૌન સેવ્યું, અને કડવા થવું હતું ત્યારે મીઠાશ જાળવી. બસ, એટલું જ. આ સાવ સરળ હતું અને હંમેશ સરળ રહેશે.



શ્રી યોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

( ગતાંકથી ચાલુ )

સંક્ષેપ : શ્રી દીપક પ્ર. મહેતા

## ભિક્ષુ અખંડાનંદની મદદ

સવારે ચાર વાગે ઊઠીને મુંબઈથી આવતો મેલ પકડવા અમે સ્ટેશન પર આવી પહોંચ્યા. ગાડી નિયમિત હતી. અમે સેકન્ડ કલાસના ડબ્બામાં ગોઠવાયા. જેમાં અમારા બે વિના બીજું કોઈ જ ન હતું. ગાડી ઊપડી કે તરત જ સ્વામીજી-એ મારા હાથમાં પેલી ભજનની ચોપડી મૂકી ને મને ગાવાની સૂચના કરી.

તેમની સૂચના મને કવખતની લાગી તો પણુ તેનો વિરોધ કરવાની મને ઇચ્છા ન થઈ. આખરે એ એક મહા-પુરુષ હતા, મેં ભજન ગાવાનું શરૂ કર્યું. નડિયાદથી અમદા-વાદ વચ્ચેનું વધારે ભાગનું અંતર આ રીતે કપાયું.

માણુસો વહેલી સવારે ભજનો બોલે છે, પ્રભાતિયાં ગાય છે. પણુ મારા મનનું બંધારણુ જુદું જ છે. એટલે વહેલી સવારે મને મૂક રહેવાનું ને મનોમન પ્રભુસ્મરણુ કે ધ્યાનાદિ કરવાનું ગમે છે. સવારનો સોનેરી સમય વ્યર્થ વહી જાય નહીં કે બરબાદ ના થાય તે જોવાનું છે. સ્વામીજીએ મારી પાસે ભજન ગવડાવીને તે વાતની સત્યતાની જાણે કે પ્રતીતિ કરાવી.

અમદાવાદ સ્ટેશને કાર્યાલયના એક ભાઈ આવી પહોં-

ચ્યા, તેમની સાથે અમે આગળ વધ્યા. રસ્તામાં ફૂટપાથ પર બેઠેલા માણસોને સ્વામીજીની આજ્ઞાથી તે ભાઈ પૈસા આપતા જતા. સ્વામીજી ઘણા દયાળુ હતા. બીજાનું દુઃખ જોઈ તેમનું દિલ દ્રવી જતું. રાતે પોતાના માણસોને કામળા સાથે બહાર મોકલતા ને શિયાળાની ઠંડીમાં પૂરતું ઓઢચા સિવાય ખુલ્લામાં કે ફૂટપાથ પર સૂતેલા લોકોને કામળો ઓઢાડીને પાછા આવવાની આજ્ઞા કરતા.

છેવટે અમે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં આવી પહોંચ્યા. તેને કાર્યાલય કહો કે એક પ્રકારનું સરસ્વતીનું મંદિર કહો, બધું એક જ છે. કાર્યાલયમાં આવતાવેંત સ્વામીજી તેમના કામમાં પડી ગયા.

થોડો સમય પસાર થયા પછી સ્વામીજી મારી સાથે વાતે વળગ્યા. એક ખુરશી પર એક સંન્યાસી મહારાજ બેઠેલા તેના તરફ સંકેત કરીને કહેવા માંડ્યા: "એમને મેં કાર્યાલયની વ્યવસ્થા જાળવવા રાખ્યા છે પણ મને તેમનું કામ સંતોષકારક લાગતું નથી. મારી ઈચ્છા એવી છે કે હિમાલય જવાનો વિચાર પડતો મૂકીને તમે આ સંસ્થામાં રહી જાવ. આ સંસ્થાદ્વારા પ્રભુ સેવા થઈ રહી છે. મારું શરીર હવે કથળતું જાય છે તેથી મારી જગ્યાએ કામ કરી શકે તેવાં બીજાને શોધું છું. તમે રહી જાવ તો મને ઘણો જ આનંદ થાય."

મેં તેમને શાંતિપૂર્વક ઉત્તર આપ્યો, "હાલ તો મારી ઈચ્છા ફક્ત હિમાલય જવાની જ છે. બીજી કોઈ વાત મને ગમતી નથી. પરમાત્માના સાક્ષાત્કારની મારી લગની શાંત નહિ થાય ત્યાં સુધી મને શાંતિ વળશે નહીં ને બીજા કોઈ કામમાં મારું મન પણ નહીં લાગે."



તે પછી એમણે તેમની સાથે હિંદુસ્તાનના પ્રવાસમાં સાથે આવવાની વાત મૂકી. મારી પરનો પ્રેમ વિશ્વાસ ને મમતાનો વિચાર કરીને મારું હૃદય ગદ્ગદ્ થઈ ગયું. પણ તેમની માગણી સંતોષવાની મારી શક્તિ ન હતી, કારણ કે કે મારી અંતરદશા તદ્દન જૂદી હતી.

મેં કહ્યું: "આ જીવન અત્યંત મૂલ્યવાન છે, તેનો કોઈ ભરોસો નથી. મેં જે સંકલ્પ કર્યો છે તેને ફેરવવાની કે શિથિલ કરવાની મારી ઇચ્છા નથી."

મારા શબ્દો સાંભળી તે જરા ગળગળા થઈ ગયા. પછી શાંત રહીને બોલી ઊઠ્યા " આટલી નાની ઉંમરમાં તમારામાં વૈરાગ્ય છે તે જોઈને મને ઘણો આનંદ થાય છે. તમે જરૂર જાઓ. સમય ખરાબ છે માટે જરા સંભાળજો. ફક્ત મારી એક શરત છે તેનું પાલન કરવાનું વચન આપો. હિમાલય જઈને ને ત્યાંથી પાછા ફર્યો પછી પણ મને પત્ર લખતા રહેજો, સમાચાર જણાવજો, ને બને તો પાછા મળજો.

તેમનો ભાવ જોઈ મને આનંદ થયો, મેં શરત કબૂલ રાખી. તેથી તે પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા : ' આ સંસ્થા સાર્વજનિક છે, તેમાંથી અમે કોઈને કોઈ બીજાં કારણ માટે પૈસાની મદદ આપતા નથી. પણ તમારે માટે એ નિયમનો ભંગ કરું છું. તમને એમાં અપવાદરૂપ ગણીને મદદ કરું છું. " તે પછી તેમણે ટિકિટ તથા માર્ગવ્યયનો હિસાબ કરીને બધા મળીને ૧૨૦) રૂપિયા મને ગણી આપવાનો સંસ્થાના કર્મચારીને હુકમ કર્યો, તેની નોંધ ચોપડામાં કેવી રીતે કરવી, તેની પણ સૂચના કરી.

સ્વામીજીની એ આકસ્મિક સહાયથી મને આનંદ થયો.

છેક છેલ્લી વખતે સુદામાનું નસીબ ફરી ગયું. ભગવાને તેના પર કૃપા કરી. સ્વામીજીની મદદ પર મારી ભાવિ જીવન પ્રવૃત્તિનો મોટો આધાર હતો, હવે તો થયું કે હિમાલય જવાનું ભાવિ મારે માટે નક્કી છે તેની પાછળ ઈશ્વરની ઇચ્છા કામ કરી રહી છે, તેમ પણ નક્કી થયું. સ્વામીજીએ જમાડીને મને પંદરેક પુસ્તકો ભેટ આપ્યાં ને રામકૃષ્ણ પરમહંસને સ્વામી વિવેકાનંદના બે મોટાં ચિત્રો પણ અર્પણ કર્યાં તે પુસ્તકો તેમની સ્મૃતિરૂપે આજે પણ કાયમ છે.

જ્યારે તમે કોઇ મોટી મુશ્કેલીમાં સપડાવ અને બધું તમારી વિરુદ્ધ જ જતું લાગે--અરે, એટલે સુધી કે હવે એક મિનિટ પણ વધુ ટકી રહેવું અશક્ય જણાય—ત્યારે તો ખાસ વળગી રહેજો; કારણ કે એ જ સ્થળે અને એ જ ક્ષણે કદાચ તમારા દુર્ભાગ્યની ઓટ શરૂ થવા લાગશે.

ધ્યાન જપની સાધના વિના, આંતરિક શુદ્ધિ આવતી નથી. અને જ્યાં સુધી શુદ્ધિ ન હોય ત્યાં સુધી આત્મદર્શન શકય નથી.

યોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprises**

**Worldwide Exporters**

★

203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.

" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચાં સુખ કે શાંતિનો અનુભવ નથી થતો. "

-શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭

## ગુરુકૃપા

ગુરુકૃપાથી ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી.

ગુરુ પોતે જ પોતની વિશેષ શક્તિ અને અનુકંપા-થી શિષ્યની કુંડલિની-શક્તિને જગાડી દે છે. દૃષ્ટિપાત કરીને–શબ્દોચ્ચાર કરીને–સ્પર્શ કરીને–કે કેવળ સંકલ્પ-દ્વારા કુંડલિની જાગરણ કરે છે.

જાગૃત થયેલી કુંડલિની–સાધક જો પ્રમાદી બની જાય, કોઈ કારણથી વિકાસ કરતો અટકી જાય, તો કુંડલિ શાંત થઈ જાય છે. અને સાધકની બધી મહેનત નકામી જાય છે.

મહાત્મા શ્રી યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફેરકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.